Volume : 10
Issue : 328
Dt.: 01-04-2025
TUESDAY
Page:04
Rs.00.50 paisa

RNI No. GUJGUJ/2015/62352
GUJARAT VANSH
ગુજરાત વંશ
( Published Daily From Ahmedabad )

Editor : HETALBEN J. GAJJAR | Regd. Office : 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad-380 013 Gujarat, India. M. 9712926375, Email: gujaratvansh@gmail.com, Website : gujaratvansh.com

### વકફ બિલ મુદ્દે વિપક્ષ પર ભડક્યા કિરેન રિજિજુ

# બિલને વાંચો પછી તર્ક આપો, ખોટું બોલી સમાજને ગેરમાર્ગે ન દોરો

## રિજિજુએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'વકફ એક્ટને ગેરબંધારણીય કહેવું એ સૌથી મોટું જૂઠ છે, આપણે કોઈની જમીન કેવી રીતે છીનવી શકીએ : રિજિજુ



નવી દિલ્હી,

સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ વકફ બિલ મુદ્દે વિપક્ષો પર આકરા પ્રહારો કર્યા છે, તેમણે કહ્યું કે, 'કેટલાક પક્ષો અને સંગઠનના લોકો ગેરમાર્ગે દોરી રહ્યા છે. કંઈપણ બોલ્યા પહેલા બિલને વાંચો અને પછી તર્ક આપો. ખોટું બોલીને સમાજને ગેરમાર્ગે ન દોરો, અમે બિલ લાવવાની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે.' રિજિજુએ વકફ બિલ મુદ્દે પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું કે, 'વકફ બિલ મુદ્દે કેટલાક પક્ષો અને સંગઠનો ગેરમાર્ગે દોરી રહ્યા છે. તેઓએ બિલ અંગે ખોટું ન બોલવું જોઈએ. તેમણે પહેલા બિલ વાંચવું જોઈએ અને પછી તર્ક આપવો જોઈએ. તેઓ ખોટું બોલીને સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા છે.' તેમણે કહ્યું કે, 'અમે બિલ લાવવાની તમામ તૈયારી કરી લીધી છે. અમે તે ક્યારે લાવશું, તે તમને જણાવી દઈશું. અમે બિલના નામે તણાવ ઉભો કરનારા સંગઠનોની ઓળખ કરી છે. ઈદ પર પટ્ટી બાંધીને નમાજ અદા કરવાનું કહેનારા સંગઠનો ખોટું કરી રહ્યા છે. મસ્જિક, કબ્રસ્તાન અથવા મુસ્લિમની જમીન છીનવી લેવાની વાત કહી ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે.' રિજિજુએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'વકફ એક્ટને ગેરબંધારણીય કહેવું એ સૌથી મોટું જૂઠ છે. આપણે કોઈની જમીન કેવી રીતે છીનવી શકીએ? વકફ અંગે ખોટી માહિતી ફેલાવનારાઓ આ લોકો કોણ છે? હું મીડિયાને પણ વિનંતી કરું છું કે, તેઓ ખોટી સૂચના ફેલાવનારાઓની ઓળખ કરે. કોઈપણ બિલમાં આવા સ્તરની ચર્ચા કરાઈ નથી.' તેમણે કહ્યું કે, 'જ્યારે CAA કાયદો લવાયો હતો, ત્યારે પણ આ લોકોએ વિરોધ કર્યો હતો. હું ફરીથી કહું છું કે, જો તમને કોઈ વાંધો હોય તો મહેરબાની કરીને આ મુદ્દે ગૃહમાં ચર્ચા કરો. આજે ઈદનો પવિત્ર દિવસ છે, ખોટું ન ફેલાવવું જોઈએ. ઈદના દિવસે જે લોકો ખોટું બોલે છે, તેઓ નકલી વ્યક્તિ છે. અસદુદ્દીન ઓવૈસી ખૂબ જ સમજદાર છે. તેમને ખબર છે કે, તેઓ શું કરી રહ્યા છે, તેઓ ખોટું બોલી રહ્યા છે. આ બિલ પાસ થયા બાદ ઓવૈસી જેવા લોકો રાજકીય રીતે કેવી રીતે ટકી શકશે.'

### તેઓ પીએમઓમાં નાયબ સચિવ તરીકે કામ કરી ચૂક્યાં છે

# નિધિ તિવારી બન્યાં પીએમ નરેન્દ્ર મોદીના અંગત સચિવ

## મૂળ વારાસણીનાં આ IFS અધિકારીની આ બઢતી અંગે પર્સોનલ અને તાલીમ વિભાગ દ્વારા જાહેરાત કરાઈ

નવી દિલ્હી,

નિધિ તિવારીની નિયુક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ તરીકે થઈ છે. મૂળ વારાસણીનાં આ IFS અધિકારીની આ બઢતી અંગે પર્સોનલ અને તાલીમ વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. નિધિ તિવારી ૨૦૧૪ની બેચના વિદેશ સેવા અધિકારી છે. જોકે તેઓ વડાપ્રધાન કચેરી (પીએમઓ)માં નાયબ સચિવ તરીકે કામ કરી ચૂક્યાં છે. હવે તેમને વડાપ્રધાનના અંગત સચિવ તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય ૨૯ માર્ચે લેવામાં આવ્યો હતો. પર્સોનલ વિભાગની આ જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે, આઈએફએસ અધિકારી નિધિ તિવારી, જેઓ વડાપ્રધાન કાર્યાલયમાં નાયબ સચિવ તરીકે કાર્યરત છે તેમની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અંગત સચિવ તરીકેની નિયુક્તિને મંજૂરી આપવામાં આવી છે. નિધિ તિવારીને ૨૦૨૨માં પીએમઓમાં નાયબ સચિવ બનાવવામાં આવ્યાં હતાં. એ પહેલાં તેઓ વિદેશ મંત્રાલયમાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા બાબતો માટે ફરજ બજાવી ચૂક્યાં છે. અંગત સચિવના સ્વરૂપે નિધિ તિવારીની કામગીરી ઘણી વિશિષ્ટ રહેશે. તેમણે વડાપ્રધાનના કાર્યક્રમોનું સંકલન, વડાપ્રધાનની બેઠકોનું આયોજન તથા સરકારી વિભાગો સાથે સંકલન જેવી કામગીરી કરવાની રહેશે. હકીકતે પીએમઓમાં અગાઉ પણ ઘણાં મહિલા અધિકારીઓ ટોચના હોદ્દા પર કામગીરી કરી ચૂક્યાં છે. એ અનુસંધાને નિધિ તિવારીની આ નિયુક્તિ મહિલા સશક્તિકરણની દિશાના એક પગલા તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. ખાસ બાબત એ છે કે, નિધિ તિવારી વડાપ્રધાન મોદીના સંસદીય ક્ષેત્ર વારાસણીનાં છે. તેમને તેમની કામગીરીના આધારે જ આ બઢતી મળી છે.

### લડાઈ બાદ ગોળી ચલાવવામાં આવી હતી

# ઈદની નમાજ દરમિયાન હોબાળો, અથડામણમાં અનેક લોકો ઘાયલ

## મેરઠના જાની પોલીસ સ્ટેશન વિસ્તારના સિવલખાસ શહેરમાં મુસ્લિમ સમુદાયના બે પક્ષો વચ્ચે ઉગ્ર લડાઈ

મેરઠ,

ઈદ નિમિત્તે સવારથી જ મુસ્લિમ સમાજના લોકો નમાજ અદા કરી રહ્યા છે. યુપીમાં ઘણી જગ્યાએ લડાઈને કારણે તણાવ ઉભો થયો હોવાના અહેવાલો પણ મળ્યા છે. મેરઠના જાની પોલીસ સ્ટેશન વિસ્તારના સિવલખાસ શહેરમાં મુસ્લિમ સમુદાયના બે પક્ષો વચ્ચે ઉગ્ર લડાઈ બાદ ગોળી ચલાવવામાં આવી હતી, જેના કારણે એક વ્યક્તિ ઘાયલ થયાના અહેવાલ છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. બાળકો વચ્ચે બોલાચાલી પછી, એક જ સમુદાયના બે જૂથો વચ્ચે વિવાદ શરૂ થયો, જેના કારણે પથ્થરમારો, લડાઈ અને ફાયરિંગ પણ થયું. આ હંગામામાં અડધો ડઝન લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. જો કે હજુ સુધી બંને પક્ષના કોઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી નથી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. જાની એસ.ઓ.ના જણાવ્યા મુજબ આ ઘટના આજે સવારે બની હતી, ફરિયાદ મળ્યા બાદ કાર્યવાહી કરવામાં આવશે. તે જ સમયે, હાપુડમાં ઈદની નમાજ દરમિયાન, પોલીસ અને પૂજારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઈદગાહમાં જગ્યા ભર્યા બાદ પોલીસે નમાઝીઓને રોક્યા હતા, રોકવાના કારણે નમાઝીઓ ગુસ્સે થયા હતા. બાદમાં પોલીસની સમજાવટ બાદ નમાજી પરત ફર્યા હતા. તેનું કારણ એ હતું કે પોલીસે બેરીકેટ્સ લગાવીને નમાજ અદા કરવાની વ્યવસ્થા કરી હતી. આ મામલો કોતવાલી વિસ્તારના ઈદગાહ રોડનો છે. પેલેસ્ટાઈનનો ધ્વજ લહેરાવ્યો હતો. તે જ સમયે, કેટલાક નમાઝીઓએ તેમના હાથ પર કાળી પટ્ટી પણ બાંધી હતી. મુરાદાબાદમાં ઈદગાહમાં નમાજ અદા કરવાને લઈને પોલીસ અને અધિકારીઓ સામસામે આવી ગયા હતા. મુરાદાબાદ પોલીસે પોતે રસ્તાઓ અને શેરીઓમાં જાહેરાત કરી અને નમાઝીઓને ઈદગાહમાં નમાજ અદા કરવા માટે બોલાવ્યા. આટલું જ નહીં, એક પોલીસ અધિકારી હાથમાં માઈક લઈને કહી રહ્યા હતા કે જલ્દી આવો, નમાજ શરૂ થવામાં માત્ર આટલી મિનિટો બાકી છે, ત્યારબાદ બીજી શિફ્ટમાં નમાજ પઢવામાં આવશે. તે પોતે આ વાત કહી રહ્યા હતા અને ત્યાં હાજર સ્વયંસેવકો સાથે લોકોને બોલાવવાની વાત પણ કરી રહ્યા હતા. પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવી એનાઉન્સમેન્ટ સાંભળીને નમાઝીઓ પણ ઈદગાહ તરફ રસ્તાઓ પરથી ભાગતા જોવા મળ્યા હતા.

### આતંકવાદી પન્નુએ કહ્યું શીખ હિન્દુ નથી

# પંજાબમાં ડો. આંબેડકરની પ્રતિમા પર ખાલિસ્તાની નારા

જલંધર,

પંજાબમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પર ખાલિસ્તાની સૂત્રો લખવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટના જલંધરના ફિલૌર વિસ્તારમાં બની હતી. અમેરિકામાં રહેતા શીખ ફોર જસ્ટિસના આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ આની જવાબદારી લીધી છે. પન્નુએ આ અંગે એક વીડિયો બહાર પાડ્યો છે. જેમાં તે કહેતો જોવા મળે છે કે, ફિલૌરના નાંગલમાં બનેલી બાબા સાહેબની પ્રતિમા પર ખાલિસ્તાની સૂત્ર તેમણે લખેલું હતું.

વીડિયોમાં પન્નુ કહી રહ્યો છે કે, ૧૪ એપ્રિલે બાબા સાહેબના જન્મદિવસ નિમિત્તે આખા પંજાબમાંથી મૂર્તિઓ હટાવી દેવી જોઈએ. આ ઘટના બાદથી BSPએ વિરોધ વ્યક્ત કર્યો છે. પ્રતિમા પર શીખ હિન્દુ નથી અને SFJ ખાલિસ્તાન ઝિંદાબાદ જેવા નારા લખેલા છે. બાબા સાહેબની પ્રતિમા પર લખેલા ખાલિસ્તાની સૂત્રોચ્ચારની બસપાએ સખત નિંદા કરી અને કહ્યું કે, જો બાબા સાહેબની પ્રતિમાનું આ રીતે અપમાન થતું રહેશે, તો આગામી દિવસોમાં બસપા પંજાબના તમામ જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન કરશે. પાર્ટીના પ્રવક્તાએ કહ્યું કે, આજે ઈદ છે. આવી સ્થિતિમાં, બધા મુસ્લિમ ભાઈઓને ઈદ મુબારક. બીજી તરફ, આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ મામલે પોલીસને કડક કાર્યવાહી કરવા કહેવામાં આવ્યું છે. આ મામલે પોલીસ તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. પન્નુનો વીડિયો સામે આવ્યા બાદ, પોલીસ તે સ્થાનની શોધી રહી છે. જણાવી દઈએ કે, જાન્યુઆરી મહિનામાં પણ અમૃતસરના હેરિટેજ સ્ટ્રીટ પર સ્થિત બાબા સાહેબની પ્રતિમાને નુકસાન પહોંચાડવાની ઘટના બની હતી. આ પછી, ભાજપે કાયદો અને વ્યવસ્થાના મુદ્દા પર છઁછ સરકારની આકરી નિંદા કરી હતી.

### સોનિયા ગાંધીએ શિક્ષણ નીતિ પર સરકારને ઘેરી

# હજારો શાળાઓ બંધ અને સિલેબસનું સાંપ્રદાયિકરણ

## મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્ત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખી શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે : કોંગ્રેસ



નવી દિલ્હી

કોંગ્રેસની પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ભારતની શિક્ષણ નીતિને લઈને મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. તેમણે કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ટીકા કરતા કહ્યું કે, મોદી સરકાર સંઘીય શિક્ષણ માળખાને નબળું પાડી રહી છે. તે 3C (Centralisation, commercialisation and communalisation) એજન્ડાને આગળ વધારી રહી છે અને તેના કારણે સંઘીય શિક્ષણ માળખું નબળું પડી રહ્યું છે.

દેશના અગ્રણી અખબારના એક લેખમાં સોનિયા ગાંધીએ લખ્યું છે કે, છેલ્લા એક દાયકામાં કેન્દ્ર સરકારનો ટ્રેક રેકોર્ડ સ્પષ્ટપણે દર્શાવે છે કે તે શિક્ષણમાં ત્રણ મુખ્ય એજન્ડાને આગળ વધારી રહી છે આ જ કારણે હું ચિંતિત છું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શિક્ષણનું કેન્દ્રિયકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકીકરણ કરે છે. જેના કારણે સંઘીય શિક્ષણ માળખું નબળું પડી રહ્યું છે. મોદી સરકાર રાજ્ય સરકારોને મહત્ત્વપૂર્ણ નીતિગત નિર્ણયોથી દૂર રાખીને શિક્ષણના સંઘીય માળખાને નબળું પાડી રહી છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે, છેલ્લા ૧૧ વર્ષમાં આ સરકારના માત્ર સત્તા પર કબજો કરવાનું કામ કરી રહી છે. જેના શિક્ષણક્ષેત્રે નુકસાનકારક પરિણામો જોવા મળી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના શિક્ષણ મંત્રીઓની કેન્દ્રીય શિક્ષણ સલાહકાર બોર્ડની સાથેની બેઠક છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૯ બાદ એકવાર પણ નથી થઈ.

કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષએ વધુમાં કહ્યું કે, NEP 2020 દ્વારા શિક્ષણમાં આમૂલ પરિવર્તનો અપનાવતી વખતે અને તેનો અમલ કરતી વખતે પણ કેન્દ્ર સરકારે આ નીતિઓના અમલીકરણ અંગે એક વખત પણ રાજ્ય સરકારો સાથે સલાહ લેવાનું યોગ્ય ન માન્યું. આ એ વાતનો પુરાવો છે કે તે પોતાના સિવાય કોઈનો અવાજ સાંભળતી નથી, આ સિવાય જે વિષય ભારતીય બંધારણની સમવર્તી યાદીમાં છે તેમાં પણ કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર સાથે કોઈ ચર્ચા કરતી નથી. ઉચ્ચ શિક્ષણ તરફ ઈશારો કરતા સોનિયા ગાંધીએ કહ્યું છે કે, કેન્દ્ર સરકારે યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોની નિમણૂકમાં રાજ્ય સરકારોના અધિકારો પણ હટાવી દીધા છે. સમવર્તી યાદીમાં વિષયને પાછલા બારણેથી કેન્દ્ર સરકાર હેઠળ લાવવાનો આ પ્રયાસ છે અને સંઘવાદ પર હુમલો છે.

લેખમાં સોનિયા ગાંધીએ શિક્ષણ વ્યવસ્થા પર સવાલો ઉઠાવતા જણાવ્યું હતું કે, ખાનગીકરણના પ્રોત્સાહનને કારણે ૨૦૧૪ થી લગભગ ૮૯,૪૪૧ સરકારી શાળાઓ બંધ કરવામાં આવી હતી અને લગભગ ૪૨,૯૪૪ ખાનગી શાળાઓ ખોલવામાં આવી હતી. આપણી શિક્ષણ વ્યવસ્થામાં ભ્રષ્ટાચારનો વધતો વ્યાપ વેપારીકરણનું પરિણામ છે. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ (NAAC)ના લાંચ કૌભાંડથી લઈને અસમર્થ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) સુધી, જાહેર શિક્ષણ વ્યવસ્થા અને એજન્સીઓ નાણાકીય ભ્રષ્ટાચાર માટે સતત સમાચારોમાં રહે છે.

કોંગ્રેસ પૂર્વ અધ્યક્ષએ કહ્યું કે, કેન્દ્ર સરકાર આરએસએસ અને ભાજપના વૈચારિક એજન્ડાને પૂરા કરવા માટે સાંપ્રદાયિકરણ પર ભાર આપી રહી છે. મહાત્મા ગાંધીની હત્યા અને મુઘલ કાળને ઈતિહાસના અભ્યાસક્રમમાંથી હટાવી દેવામાં આવ્યો છે. મહત્ત્વની શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકો અને ડિરેક્ટરોની નિમણૂંકમાં મેરિટ સાથે ચેડા કરીમાં આવી રહ્યા છે. સોનિયા ગાંધી કહ્યું કે, કેન્દ્રીકરણ, વ્યાપારીકરણ અને સાંપ્રદાયિકરણની આ કોશિશના પરિણામો સીધા આપણા વિદ્યાર્થીઓ પર પડ્યા છે. ભારતની જાહેર શિક્ષણ વ્યવસ્થાની હત્યા બંધ થવી જોઈએ.

### ઔરંગઝેબ વિવાદ

# છત્રપતિ શિવાજીએ અફઝલ ખાનની કબર બનાવી હતી : ભૈયાજી જોષી

## મુદ્દો બિનજરૂરી રીતે ઉઠાવવામાં આવી રહ્યો છે જેને વિશ્વાસ છે, તે કબરની મુલાકાત લેશે

નાગપુર

મુઘલ શાસક ઔરંગઝેબની કબરને હટાવવાની માગ વચ્ચે ઈજીજીના વરિષ્ઠ નેતા સુરેશ 'ભૈયાજી' જોષીએ આશ્ચર્યજનક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'આ મુદ્દો બિનજરૂરી રીતે ઉઠાવવામાં આવી રહ્યો છે. જેને વિશ્વાસ છે, તે કબરની મુલાકાત લેશે.'

નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન મીડિયા સાથે વાત કરતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ના નેતા ભૈયાજી જોષીએ કહ્યું કે, 'ઔરંગઝેબની કબરનો મુદ્દો બિનજરૂરી રીતે ઉઠાવવામાં આવ્યો છે. જો તેનું મૃત્યુ અહીં થયુ છે. તેથી તેની કબર પણ અહીં જ હશે. જેને શ્રદ્ધા છે તે જશે.' ઉલ્લેખનીય છે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ના વડા રાજ ઠાકરેએ ઔરંગઝેબની કબર પર સાંપ્રદાયિક તણાવ ભડકાવવાના પ્રયાસોની નિંદા કરતાં કહ્યું છે કે 'ઈતિહાસને જાતિ અને ધર્મના ચશ્માથી જોવો ન જોઈએ.' જોષીએ આગળ કહ્યું કે, 'બીજાપુર શાસનકાળના કમાન્ડર અફઝલ ખાનને પ્રતાપગઢ કિલ્લા પાસે દફનાવવામાં આવ્યા હતાં અને છત્રપતિ શિવાજી મહારાજની પરવાનગી વિના આમ કરી શકાય તેમ ન હતું. આપણી પાસે છત્રપતિ શિવાજી મહારાજનો રોલ મોડલ છે. તેમણે અફઝલ ખાનની કબર બનાવી હતી. તે ભારતની ઉદારતા અને સર્વસમાવેશકતાનું પ્રતિક છે. કબર રહેશે, જેને જવું હોય તે જશે.' રાજ ઠાકરેની ટિપ્પણી અને મુઘલ શાસકની કબરના મુદ્દા વિશે જોષીએ કહ્યું કે, 'ઔરંગઝેબની કબરનો વિષય બિનજરૂરી રીતે ઉઠાવવામાં આવ્યો છે. તેઓ અહીં (ભારતમાં) મૃત્યુ પામ્યા હતા, તેથી તેમની કબર અહીં બનાવવામાં આવી છે. જેને શ્રદ્ધા છે તે ત્યાં જશે. મુંબઈના શિવાજી પાર્ક ખાતે વાર્ષિક ગુડી પડવા રેલીને સંબોધતા રાજ ઠાકરેએ ગેરમાર્ગે દોરનારી ઐતિહાસિક કથાઓ અને વોટ્સએપ સંદેશાઓ સામે ચેતવણી આપી હતી અને ભાર મૂક્યો હતો કે ઈતિહાસનો સોશિયલ મીડિયાને બદલે વિશ્વસનીય સ્રોતોથી અભ્યાસ કરવો જોઈએ. રાજ ઠાકરેએ છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં ઔરંગઝેબની કબર પર વિવાદ ઊભો કરવાના રાજકીય પ્રયાસોની ટીકા કરી હતી. જેના કારણે નાગપુરમાં હિંસા થઈ હતી. તેમણે કહ્યું કે, આપણને પાણીના સ્રોતો અને વૃક્ષોની ચિંતા નથી. પરંતુ ઔરંગઝેબની કબરની ચિંતા છે. લોકોને ઈતિહાસના નામ પર લડાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ઠાકરેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે મુઘલ શાસક ઔરંગઝેબે મહારાષ્ટ્રમાં મરાઠાઓ સામે ૨૭ વર્ષ સુધી લડ્યા હતાં. છત્રપતિ શિવાજી મહારાજના વારસાને કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આખરે નિષ્ફળ ગયો હતો. ઔરંગઝેબ શિવાજી નામના વિચારને પણ નષ્ટ કરવા માગતો હતો. શિવાજી મહારાજના મૃત્યુ બાદ પણ ઔરંગઝેબ મહારાષ્ટ્રમાં તેમની વિચારધારાને નાબૂદ કરવાનો નિષ્ફળ રહ્યો હતો.

### કરાચીમાં અજાણ્યા લોકોએ ગોળી મારી દીધી

# કરાચીમાં હાફિઝ સઈદનો વધુ એક સાથીદાર ઠાર

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં એક પછી એક અનેક આતંકીઓનો ખાત્મો કરવામાં આવ્યો છે. હવે કરાચીમાં હાફિઝ સઈદના વધુ એક નજીકના મિત્રની હત્યા કરવામાં આવી છે. લશ્કર-એ-તૈયબા માટે ભંડોળ એકત્ર કરી રહેલા અબ્દુલ રહેમાન પર અજાણ્યા બંદૂકધારીઓએ ગોળીબાર કર્યો હતો, જેમાં તેણે જીવ ગુમાવ્યો હતો.

મળતી માહિતી મુજબ અબ્દુલ રહેમાન અહલ-એ-સુન્નત વાલ જમાતનો સ્થાનિક નેતા હતો. તે કરાચીમાં લશ્કર માટે ફંડ એકઠું કરતો હતો. તેના એજન્ટો આખા વિસ્તારમાંથી ફંડ લાવીને તેની પાસે જમા કરાવતા હતા, ત્યારબાદ તે હાફિઝ સઈદને ફંડ પહોંચાડતો હતો. હાફિઝ સઈદના નજીકના મિત્ર પર આ હુમલો ત્યારે થયો જ્યારે તે તેના પિતા અને અન્ય લોકો સાથે હતો. આ હુમલામાં તેના પિતા સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેમાં અબ્દુલ રહેમાનનું ઘટનાસ્થળે જ અવસાન થયું હતું. પાકિસ્તાન છેલ્લા કેટલાક સમયથી આતંકવાદથી પીડિત છે. એક તરફ મ્ન્છ અને તહરીક-એ-તાલિબાન બલૂચિસ્તાનમાં પાકિસ્તાની સેનાને નિશાન બનાવી રહ્યા છે. બીજી તરફ એક પછી એક આતંકીઓને ઠાર કરવામાં આવી રહ્યા છે. હાફિઝ સઈદના નજીકના મિત્રને નિશાન બનાવનાર વ્યક્તિને ન તો કોઈએ જોયો છે અને ન તો ઓળખ્યો છે. તાજેતરમાં જ જમીયત-ઉલેમા-એ-ઈસ્લામના મુફ્તી અબ્દુલ બાકી નૂરઝાઈની ક્વેટામાં અજાણ્યા હુમલાખોરો દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. નૂરઝઈને ક્વેટા એરપોર્ટ નજીક ગોળી વાગી હતી, જેમાં તે ખરાબ રીતે ઘાયલ થયો હતો અને હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. અબ્દુલ રહેમાન પહેલા લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર ઝિયા-ઉર-રહેમાન ઉર્ફે નદીમ ઉર્ફે કાતલ સિંધીને પંજાબ પ્રાંતના ઝેલમ વિસ્તારમાં ઠાર કરવામાં આવ્યો હતો. નદીમને લશ્કરના સંસ્થાપક હાફિઝ સઈદનો વિશ્વાસુ સહયોગી માનવામાં આવતો હતો. તે જમ્મુ-કાશ્મીરના પુંછ-રાજૌરી વિસ્તારમાં આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ હતો. તે ૨૦૦૦ની શરૂઆતમાં જમ્મુ ક્ષેત્રમાં ઘૂસી ગયો હતો અને ૨૦૦૫માં પાછો પાકિસ્તાન ગયો હતો.

# તંત્રી લેખ

## પોષણના નામે લાખો કરોડ રૂપિયા ખર્ચ

કુપોષણ મુક્ત ગુજરાતનો નારો ગુંજારવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, કુપોષણ પર કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, પરંતુ બાળ મૃત્યુદરમાં કોઈ સુધારો થયો નથી. CAG રિપોર્ટમાં ખુલાસો થયો છે કે છેલ્લા પાંચ વર્ષમાં જન્મના ૨૪ કલાકની અંદર ૧૮,૨૩૧ નવજાત શિશુઓ મૃત્યુ પામ્યા છે. આ ઉપરાંત, ૮૩,૫૩૮ નવજાત શિશુઓ એક વર્ષ પણ જીવી શક્યા નથી. આમ, ગુજરાત સરકાર કુપોષણને કાબુમાં લેવામાં ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે. ગુજરાતમાં માતાના પોષણના નામે લાખો કરોડ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે, છતાં જન્મ સમયે ઓછું વજન અને અપૂરતી વૃદ્ધિ ધરાવતા કુપોષિત બાળકોની સંખ્યા વધી રહી છે. આ સાથે, નવજાત શિશુઓનો મૃત્યુદર પણ વધી રહ્યો છે જે ચિંતાનો વિષય બન્યો છે. ગુજરાત સરકારે ૫૦૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે, છતાં આજે ગુજરાતમાં ૫.૪૦ લાખ બાળકો કુપોષિત છે. પૂરતા આહાર-વિટામિનથી કુપોષણની ઘટનાઓમાં ઘટાડો થયો નથી. કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવી રહ્યું હોવા છતાં, કુપોષણ સામેની લડાઈમાં ગુજરાત અન્ય રાજ્યો કરતાં ઘણું પાછળ છે. CAG રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ૨૦૧૭-૧૮ થી ૨૦૨૨-૨૩ દરમિયાન જન્મના ૨૪ કલાકમાં મૃત્યુ પામેલા નવજાત શિશુઓની સંખ્યા ૧૮,૨૩૧ છે. આનો અર્થ એ થયો કે દર વર્ષે હોસ્પિટલમાં સરેરાશ ૩૦૦૦ શિશુઓ મૃત્યુ પામે છે. પાંચ વર્ષમાં, ૮૩,૫૩૮ નવજાત શિશુઓ સારવાર છતાં એક વર્ષ પણ જીવી શક્યા નહીં. ઓછા જન્મ વજન-અપૂરતી વૃદ્ધિને કારણે નવજાત શિશુઓ મૃત્યુ પામે છે. આ સમયગાળા દરમિયાન, ૮,૧૨,૮૮૬ નવજાત શિશુઓ જન્મ્યા જેનું વજન અઢી કિલોથી ઓછું હતું. જ્યારે માતાઓને પોષણયુક્ત ખોરાક મળતો નથી, ત્યારે કુપોષિત બાળકો જન્મે છે. રાષ્ટ્રીય પોષણ મિશન માર્ગદર્શિકા ૨૦૧૭ અનુસાર, ઓછા જન્મ વજનવાળા શિશુઓના મૃત્યુ દરમાં કોઈ ઘટાડો થયો નથી. આજે પણ ગુજરાતમાં ૨.૫ કિલોથી ઓછા વજનવાળા નવજાત શિશુઓની ટકાવારી ૧૧.૬૩ છે. આમ, નવજાત શિશુઓનો મૃત્યુદર ચિંતાજનક દરે વધી રહ્યો છે, ત્યારે કુપોષણ મુક્ત ગુજરાતની કડવી વાસ્તવિકતાનું ચિત્ર સામે આવ્યું છે. કુપોષણથી પીડાતા નવજાત શિશુઓને વધુ સારવાર આપવા માટે પોષણ પુનર્વસન કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### છોકરીઓને મોડલિંગની લાલચ અપાતી હતી

# ૪૦૦ છોકરીઓનો નગ્ન વીડિયો ઉતારનાર ઝડપાયા

## નોઈડામાં ઉજ્જવલ કિશોર અને નીલુ શ્રીવાસ્તવ નામના પતિ-પત્નીની જોડી ઘરમાં ખરાબ ધંધો ચલાવી રહી હતી

નોઈડા,

નોઈડામાં ઉજ્જવલ કિશોર અને નીલુ શ્રીવાસ્તવ નામના પતિ-પત્નીની જોડી છેલ્લા પાંચ વર્ષથી ઘરમાં એક ખરાબ ધંધો ચલાવી રહી હતી. તેમનું કામ સોશિયલ મીડિયા દ્વારા છોકરીઓને મોડલિંગની લાલચ આપીને પોર્ન વીડિયો બનાવવાનું અને સાયપ્રસની કંપની ટેકનિયસ લિમિટેડને વેચવાનું હતું. આ કંપની XHamster અને Stripchat જેવી પ્રખ્યાત પોર્ન વેબસાઈટ ચલાવે છે. જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ નોઈડાના સેક્ટર-૧૦૫માં આવેલા આ ઘરમાં દરોડા પાડ્યા ત્યારે આખી રમતનો પર્દાફાશ થયો હતો. તેણે આ રેકેટમાંથી રૂ. ૧૫.૬૬ કરોડની કમાણી કરી અને રૂ. ૭ કરોડ નેધરલેન્ડમાં ગુપ્ત ખાતામાં જમા કરાવ્યા. એકંદરે રૂ. ૨૨ કરોડથી વધુની કમાણી બહાર આવી છે. અહેવાલો અનુસાર, જ્યારે EDની ટીમ ઝૂંપડી પહોંચી તો ત્યાં ૮ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા અને ત્રણ મોડલ પણ હાજર હતા, જેઓ શૂટિંગ કરી રહ્યા હતા. આ મોડેલોના નિવેદનો લેવામાં આવ્યા છે. આ દંપતીએ તેમની કંપની 'સબડિઝી વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા આ બિઝનેસ ચલાવ્યો હતો. બહારથી એવું લાગતું હતું કે તેઓ જાહેરાત, માર્કેટ રિસર્ચ અને પબ્લિક ઓપિનિયન સર્વે વર્ક કરી રહ્યા હતા, પરંતુ વાસ્તવમાં તેઓ વિદેશી પોર્ન સાઈટ્સ માટે અશ્લીલ સામગ્રી બનાવી રહ્યા હતા. આ લોકો સોશિયલ મીડિયા પર ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ દ્વારા મોડલને સર્ચ કરતા હતા. મોડલિંગના વચન સાથે જાહેરાતોમાં છોકરીઓને બોલાવવામાં આવતી હતી. મોટાભાગની મોડલ દિલ્હી-એનસીઆરના હતી. અહેવાલો અનુસાર, નોઈડામાં પાંચ વર્ષમાં ૪૦૦ થી વધુ છોકરીઓને આ ધંધામાં ફરજ પાડવામાં આવી હતી. વીડિયો શૂટિંગમાં હાફ ફેસ શો, ફુલ ફેસ શો અને ન્યૂડ જેવી કેટેગરી હતી. મોડલ્સને તેમના કામ મુજબ ચૂકવણી કરવામાં આવી હતી, પરંતુ કુલ કમાણીમાંથી માત્ર ૨૫% જ તેમને આપવામાં આવ્યા હતા. દંપતીએ બાકીના ૭૫% પોતાના માટે રાખ્યા હતા. ક્રિપ્ટો અને ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડ દ્વારા વિદેશમાંથી નાણાં તેમના ખાતામાં આવ્યા હતા. તેણે ભારતમાં તેના નેધરલેન્ડ એકાઉન્ટમાંથી પણ રોકડ ઉપાડી લીધી હતી. ઈડીનું કહેવું છે કે આ ફેમા કાયદાનું ઉલ્લંઘન છે, કારણ કે પોર્નથી થતી કમાણી તેને સર્વિસ ફી કહીને છુપાવવામાં આવી હતી. આ રેકેટનું નેટવર્ક સાયપ્રસ, યુરોપ અને આફ્રિકા સુધી વિસ્તરેલું હતું. તપાસમાં સામે આવ્યું છે કે ઉજ્જવલ અગાઉ રશિયન સેક્સ સિન્ડિકેટ સાથે સંકળાયેલો હતો.

### ઘટનાના ત્રણ વર્ષ બાદ ચોંકાવનારો ખુલાસો

# શેન વોર્નના મૃત્યુ બાદ રૂમમાંથી સેક્સ ડ્રગ્સ હટાવવામાં આવી

## થાઈલેન્ડ વિલામાંથી એક વસ્તુને દૂર કરવામાં આવી હતી જ્યાં ૨૦૨૨ માં શેન વોર્ન મૃત હાલતમાં મળી આવ્યો હતો



સિડની,

ઓસ્ટ્રેલિયાના મહાન લેગ સ્પિનર શેન વોર્નના મૃત્યુના ત્રણ વર્ષ બાદ એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. ૩ વર્ષ પછી આ ઘટસ્ફોટથી આખી દુનિયા ચોંકી ગઈ છે. તમને જણાવી દઈએ કે ત્રણ વર્ષ પહેલા શેન વોર્નના મૃત્યુએ આખી દુનિયાને ચોંકાવી દીધી હતી. ટેસ્ટ ક્રિકેટમાં રેકોર્ડ ૭૦૮ વિકેટ લેનાર આ દિગ્ગજ ખેલાડીનું ૪ માર્ચ, ૨૦૨૨ના રોજ અચાનક હાર્ટ એટેકથી અવસાન થયું. આ સમાચાર ચાહકો માટે આઘાતજનક હતા કારણ કે શેન વોર્ન તે સમયે માત્ર ૫૨ વર્ષનો હતો અને તે ક્રિકેટ કોમેન્ટ્રીમાં પણ ઘણો સક્રિય હતો. શેન વોર્નના મૃત્યુની તપાસમાં ચોંકાવનારો વળાંક આવ્યો છે. ડેઈલી મેઈલના એક અહેવાલમાં ખુલાસો થયો છે કે શેન વોર્નના થાઈલેન્ડ વિલાના એક રૂમમાંથી સેક્સ ડ્રગ્સ હટાવવામાં આવી હતી, જ્યાં તે મૃત હાલતમાં મળી આવ્યો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઘટનાસ્થળ પર હાજર એક વરિષ્ઠ પોલીસ અધિકારીને કામગરા ધરાવતી ગોળીઓની બોટલ દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો, જે ઈરેક્ટાઈલ ડિસફંક્શનની સારવારમાં ઉપયોગમાં લેવાતી દવા હતી. આ દવામાં સિલ્ડેનાફિલ સાઈટ્રેટ હોય છે, જે વાયગ્રામાં જોવા મળતું સમાન ઘટક છે. નામ જાહેર ન કરવાની શરતે ડેઈલી મેઈલ સાથે વાત કરતા પોલીસ અધિકારીએ કહ્યું કે તેમને વરિષ્ઠ અધિકારીઓ દ્વારા ડ્રગ્સ દૂર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે આ મામલો છુપાવવામાં ઓસ્ટ્રેલિયાના વરિષ્ઠ અધિકારીઓ પણ સામેલ હોઈ શકે છે. પોલીસ અધિકારીએ કહ્યું કે આ મામલો હાલમાં સંવેદનશીલ વિષય છે. તેમણે કહ્યું કે, અમને અમારા ઉપરી અધિકારીઓએ બોટલ દૂર કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશો ઉપરથી આવી રહ્યા હતા અને મને લાગે છે કે ઓસ્ટ્રેલિયાના વરિષ્ઠ અધિકારીઓ પણ આમાં સામેલ હતા, કારણ કે તેઓ ઈચ્છતા ન હતા કે તેમના મહાન ખેલાડીનો આ રીતે અંત આવે. પોલીસ અધિકારીએ કહ્યું કે, સત્તાવાર રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે શેન વોર્નને હાર્ટ એટેક આવ્યો હતો અને તેના કારણ વિશે અન્ય કોઈ વિગતો આપવામાં આવી નથી. કામગ્રાની પુષ્ટિ કરવા માટે કોઈ આગળ આવશે નહીં, કારણ કે તે એક સંવેદનશીલ વિષય છે. આ બધા પાછળ પાવરફૂલ માણસો હોઈ શકે છે. ઘટનાસ્થળ પર એક બોટલ હતી, પરંતુ તેણે કેટલી લીધી તે અમને ખબર નથી. ઘટનાસ્થળે ઉલ્ટી અને લોહીના નિશાન હતા, પરંતુ અમને કહેવા પ્રમાણે અમે તેને સાફ કરી નાખ્યું.

### સંઘ પરિવાર દેશનું નેતૃત્વ બદલવા માગે છે : રાઉત

# વડાપ્રધાન મોદી સપ્ટેમ્બરમાં રિટાયરમેન્ટ લેશે : સંજય રાઉત

## સંજય રાઉતે કહ્યું કે મોદીના આગામી ઉત્તરાધિકારી મહારાષ્ટ્રમાંથી હશે અને તેનો નિર્ણય સંઘ કરશે



મુંબઈ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ાગપુરમાં સંઘના સંસ્થાપકોને રવિવારે શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને RSS પ્રમુખ મોહન ભાગવત સાથે મુલાકાત કરી હતી. વડાપ્રધાનની નાગપુર મુલાકાત પર શિવસેના-યુબીટીના નેતા સંજય રાઉતે પ્રહાર કર્યા છે અને દાવો કર્યો છે કે, વડાપ્રધાન મોદી સપ્ટેમ્બરમાં રિટાયરમેન્ટ લેશે. સંજય રાઉતે કહ્યું કે, વડાપ્રધાન મોદીના આગામી ઉત્તરાધિકારી મહારાષ્ટ્રમાંથી હશે અને તેનો નિર્ણય સંઘ કરશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે પણ સંઘનો નિર્ણય શિરોમાન્ય ગણાશે. સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, સંઘ પોતાની ઈચ્છા મુજબ ભાજપનું અધ્યક્ષ પદ સોંપશે. ૧૦ વર્ષ બાદ મોદીની નાગપુર જઈ સંઘના હેડક્વાર્ટર સાથે મુલાકાત સામાન્ય વાત નથી. તેમણે કહ્યું કે, સપ્ટેમ્બરમાં રિટાયરમેન્ટ માટે અરજી કરવા વડાપ્રધાન RSSના હેડક્વાર્ટર ગયા હતાં. મને જાણ છે કે, છેલ્લા ૧૦-૧૧ વર્ષમાં મોદીજી ક્યારેય પણ ત્યાં ગયા નથી. આ વખતે તેઓ સંઘને જાણ કરવા ત્યાં ગયા હતા. મોહન ભાગવતજીને કહેવા ગયા હતા કે, તેઓ હવે ટાટા-બાય-બાય કરી રહ્યા છે. RSSની બે વાતો મને સમજમાં આવી ગઈ છે. પહેલી એ કે તેઓ દેશનું નેતૃત્વ બદલવા માગે છે. બીજું હવે મોદીજીનો સમય પૂરો થઈ ચૂક્યો છે. અને તે દેશમાં બદલાવ લાવવા માગે છે. રાઉતના આરોપોનું મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા દેવેન્દ્ર ફડણવીસે ખંડન કર્યું છે. તેમણે કહ્યું કે, જુઓ, મોદીજી હજી ૨૦૨૯માં પણ વડાપ્રધાન બનશે. મુઘલ શાસનમાં આમ થતું હતું કે, પિતા જીવિત હોય તો પણ પુત્રને રાજા બનાવી દેવામાં આવે. જ્યાં સુધી મારા નામનો સવાલ છે, હું કોઈપણ PM ની રેસમાં સામેલ નથી. RSSના નેતા સુરેશ ભૈયાજીએ PM મોદીની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, તેઓ અનેક મહાન કાર્યો કરી રહ્યા છે. અને અમે તેમને સમર્થન આપી રહ્યા છીએ. RSS અને ભાજપ વચ્ચે કોઈ મતભેદો નથી. મીડિયા અને અમુક રાજકીય પક્ષો અફવાને જોર આપી રહ્યા છે કે, ભાજપ અને સંઘ વચ્ચેના સંબંધોમાં ખારાશ આવી ગઈ છે.

### હું પાછો આવી રહ્યો છું : રણવીર

# રણવીર અલ્લાહબાદિયાએ ફરી હાથ જોડી માફી માંગી

મુંબઈ,

વિતેલો અમુક સમય યુટ્યુબર રણવીર અલ્લાહબાદિયા માટે ખૂબ મુશ્કેલીઓથી પસાર થયો છે. શો ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ ના એક એપિસોડ દરમિયાન પોતાના એક જોકના કારણે તેને સમગ્ર દેશથી રોષનો સામનો કરવો પડ્યો હતો. આ દરમિયાન તેની પર ઘણા કેસ પણ નોંધાયા જેના વિરુદ્ધ તેણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. રણવીરને ત્યાંથી રાહત તો મળી ગઈ હતી પરંતુ તેને કોર્ટના આકરા આદેશોનું પાલન કરવા માટે કહેવામાં આવ્યું. હવે લગભગ બે મહિના બાદ તે પાછો આવી ગયો છે.

રણવીરે પોતાના ઈન્સ્ટાગ્રામ અને યુટ્યૂબ પર ધ રણવીર શો પોડકાસ્ટને રીસ્ટાર્ટ કર્યો છે. તેણે પોતાની સમગ્ર ટીમની સાથે ઈન્સ્ટાગ્રામ પર એક ફોટો શેર કર્યો છે જેમાં તે ખૂબ ખુશ નજર આવી રહ્યો છે. રણવીરે પોતાના પરિવારના આશીર્વાદ લઈને આ નવી સફરની શરૂઆત કરી છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર લખ્યું છે, મને પ્રેમ કરનારને થેન્ક્યુ, આ યુનિવર્સને થેન્ક્યુ. એક નવું ચેપ્ટર શરૂ થઈ રહ્યું છે, પુનર્જન્મ. યુટ્યૂબરે તે બાદ એક લાંબો વીડિયો પણ પોસ્ટ કર્યો છે જેમાં તે પોતાના હાથને જોડીને ચાહકોની માફી માગતો નજર આવ્યો. તેણે પોતાની ચેનલની નવી શરૂઆત અને પોતાના ખરાબ સમયને પણ યાદ કર્યો. વીડિયોની શરૂઆતમાં તે કહે છે કે મારી પાસે કહેવા માટે ઘણું બધું છે પરંતુ તે તેને અત્યારે કહેશે નહીં. પહેલા હું પોતાના તમામ પ્રેમ કરનારને થેન્ક્યુ કહીશ. તમારા પોઝિટિવ મેસેજે મને અને મારા પરિવારને ખૂબ સપોર્ટ કર્યો. આ ફેઝ ખૂબ મુશ્કેલ હતો, અમને ધમકીઓ મળી રહી હતી.

રણવીરે આગળ પોતાના બ્રેક પર પણ વાત કરી, જીવનના સૌથી મુશ્કેલ સમયમાં તમને અનુભવ થાય છે કે તમારા માર્ગમાં માત્ર સફળતા જ ચાલશે નહીં, તમારે નિષ્ફળતાનો સામનો પણ કરવો પડશે. મે છેલ્લા ૧૦ વર્ષથી બ્રેક લીધા વિના દર અઠવાડિયે ૨-૩ વીડિયો પોસ્ટ કર્યા છે. આ એક અનઈચ્છિત બ્રેક હતો જેમાં મે ધીરજ સાથે જીવવાનું શીખ્યું. ઘણા લોકો મને પુત્ર અને ભાઈ માને છે. હું તેમની માફી માગું છું. આગામી સમયમાં જે પણ કન્ટેન્ટ બનાવીશ તે વધુ સમજદારીથી બનાવીશ આ મારું વચન છે.

### IPLએ જાહેર કર્યું સત્તાવાર નિવેદન

# રાજસ્થાનની પ્રથમ જીત પણ કેપ્ટન રિયાન પરાગને મળી સજા

## રિયાન પરાગની ટીમ રાજસ્થાન રોયલ્સે પોતાની ઓવરો સમયસર પૂરી કરી ન હતી, આ કારણે દંડ ફટકારાયો

નવી દિલ્હી,

રાજસ્થાન રોયલ્સ ટીમે રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સને હરાવીને ૨૦૨૫ સીઝનની પ્રથમ જીત નોંધાવી હતી. રિયાન પરાગની કેપ્ટન્સીમાં ટીમે પ્રથમ વખત જીત મેળવી હતી. આ જીત બાદ રિયાન પરાગને મોટું નુકસાન થયું છે. રિયાન પરાગ IPLની પ્રથમ ત્રણ મેચોમાં રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન હતો કારણ કે નિયમિત કેપ્ટન સંજુ સેમસનને આંગળીની સર્જરી પછી BCCI દ્વારા વિકેટકીપિંગ કરવાની મનાઈ કરવામાં આવી હતી. તેથી તે આ મેચોમાં માત્ર બેટ્સમેન તરીકે રમ્યો હતો. મુંબઈમાં ઈંગ્લેન્ડ સામેની ટી૨૦ મેચ દરમિયાન સેમસંગની આંગળીમાં ફ્રેક્ચર થયું હતું, જે બાદ તેને નાની સર્જરી કરાવવી પડી હતી. તેને બેટિંગ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. કેપ્ટન તરીકે પ્રથમ જીત બાદ રિયાન પરાગને IPL દ્વારા સજા આપવામાં આવી છે. રિયાન પરાગની ટીમ રાજસ્થાન રોયલ્સે પોતાની ઓવરો સમયસર પૂરી કરી ન હતી. આ કારણે હવે તેને IPL દ્વારા દંડ ફટકારવામાં આવ્યો છે. IPLએ તેના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, આઈપીએલ આચાર સંહિતાની કલમ ૨.૨૨ હેઠળ આ તેની ટીમનો સીઝનનો પ્રથમ ગુનો હતો, જે ન્યૂનતમ ઓવર-રેટના અપરાધો સાથે સંબંધિત છે, તેથી પરાગને રૂપિયા ૧૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

### રેલી છોડીને ભાગ્યા કન્હૈયા કુમાર

# બિહારના અરરિયામાં કોંગ્રેસની યાત્રામાં બબાલ

## કોંગ્રેસની 'પલાયન રોકો, નૌકરી દો યાત્રા'માં કોંગ્રેસ નેતા કન્હૈયા કુમાર સાથે સેલ્ફી લેવાના ચક્કરમાં ભારે બબાલ થઈ

પટણા,

બિહારમાં અરરિયા જિલ્લામાં કોંગ્રેસની 'પલાયન રોકો, નૌકરી દો યાત્રા'માં કોંગ્રેસ નેતા કન્હૈયા કુમાર સાથે સેલ્ફી લેવાના ચક્કરમાં ભારે બબાલ થઈ છે. અહીં કેટલાક કાર્યકર્તાઓ કન્હૈયા કુમાર પાસે સેલ્ફી લેવા તેમની નજીક ગયા હતા. આ દરમિયાન તેમના સુરક્ષા કર્મીઓએ અટકાવવાનો પ્રયાસ કરતા કેટલાક કાર્યકર્તાને ધક્કો લાગતા મામલો બિચક્યો. તેથી સુરક્ષા કર્મીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થયાનું પણ કહેવાય છે. બીજી તરફ કોંગ્રેસે પણ રેલીમાંથી નીકળી જવા મુદ્દે કન્હૈયા કુમારનો બચાવ કર્યો છે. પાર્ટીના કાર્યકર્તાના જણાવ્યા અનુસાર, કોંગ્રેસની યાત્રા એસએસબી પરિસર પાસે પહોંચી, ત્યારે કેટલાક કાર્યકર્તાઓ સેલ્ફી લેવા માટે એક-બીજાને ધક્કા મારી રહ્યા હતા. આ દરમિયાન સુરક્ષા કર્મીઓ અને કાર્યકર્તાઓ વચ્ચે વિવાદ થયો હતો, જેના કારણે કુમારે અધવચ્ચે જ યાત્રા છોડીને જતું રહેવું પડ્યું છે. ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર રવિવારે (૩૦ માર્ચ) વાયરલ થયો છે, જોકે આ વીડિયોની કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. આ ઘટના અરરિયા સ્થિત એસએસબી પરિસર પાસે બની છે. પશ્ચિમ બંગાળ જિલ્લાના ભિતિહરવા આશ્રમથી ૧૬મી માર્ચે કોંગ્રેસની યાત્રા શરૂ થઈ હતી. આ તે જ જગ્યા છે, ત્યાં મહાત્મા ગાંધીએ ૧૯૧૭માં પ્રસિદ્ધ ચંપારણ સત્યાગ્રહ શરૂ કર્યો હતો. કોંગ્રેસની આ યાત્રાના ૧૫માં દિવસે કુમાર અરરિયા પહોંચ્યા હતા. અરરિયા જિલ્લાના કોંગ્રેસ અધ્યક્ષ જાકિર અનવરે કુમારનો બચાવ કરતા મીડિયાને કહ્યું કે, 'કન્હૈયા કુમારની પાર્ટીના ટોચના નેતા સાથે મહત્ત્વની બેઠક હોવાથી, તેમણે અધવચ્ચે જ યાત્રા છોડીને જવું પડ્યું છે. કન્હૈયા કુમારના ગયા બાદ યાત્રા ચાલુ રહેશે. તેઓ સોમવારે યાત્રામાં જોડાશે.' જાકિર અનવરે કહ્યું કે, 'આ યાત્રા બિહારના યુવાઓના અધિકારો અને રોજગારની લડાઈ માટે યોજાઈ છે.

### પ્રશાંત કિશોર પણ ઉતર્યા સમર્થનમાં

# કામરાને મળી રાહત, આગોતરા જામીન મંજૂર

મુંબઈ,

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અને શિવસેના પ્રમુખ એકનાથ શિંદે મુદ્દે વિવાદોમાં ફસાયેલા કોમેડિયન કુણાલ કામરાને કોર્ટે રાહત આપી છે. કામરાની મદ્રાસ હાઈકોર્ટમાં આગોતરા જામીનની અરજી સ્વીકારી લેવામાં આવી છે. જેથી કામરાની સાત એપ્રિલ સુધી ધરપકડ કરવામાં આવશે નહીં. પોલીસે તેને ૩૧ માર્ચ સુધીમાં હાજર થવા સમન્સ પાઠવ્યા હતા.

જનસુરાજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કિશોર કુણાલના સમર્થનમાં ઉતર્યા છે. તેમણે કુણાલનો પક્ષ લેતાં કહ્યું કે, કુણાલ રાજનીતિ નથી કરતો. કોમેડિયન કુણાલ કામરાએ મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમની વિરૂદ્ધ કટાક્ષ કરતી પૅરોડી બનાવ્યા બાદ રાજકારણમાં હોબાળો મચ્યો હતો. શિવસેના, ભાજપ સહિતના પક્ષોએ કામરાની ટીકા કરી હતી. પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. જો કે, કામરાએ માફી માગવાનો ઈનકાર કરતાં વધુ એક પૅરોડી બનાવી સરકાર પર પ્રહાર કર્યા હતા. આટલેથી ન અટકતાં કામરાએ દેશના નાણા મંત્રી નિર્મલા સીતારમણ પર પણ ટીખળ કરી હતી.

પ્રશાંત કિશોરે કહ્યું કે, કામરા રાજનીતિ કરી રહ્યો નથી. તે કોઈ ખોટો ઈરાદો ધરાવતો નથી. જ્યાં સુધી હું કામરાને જાણું છું, તેને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તે મારો સારો મિત્ર છે. તેણે અમુક એવી વાતો કહી જેના લીધે વિવાદ થયો. પરંતુ કામરા કોઈ ખોટી ભાવના સાથે બોલ્યો નથી. કુર્ણાલ ઓર્ગેનિક ફાર્મિંગ કરવાની સાથે સ્ટેન્ડઅપ કોમેડી પણ કરે છે. તે રાજકારણમાં કોઈનો હરીફ નથી.

પીકેએ કુણાલ કામરાના નિવેદનનો બચાવ કરતાં કહ્યું કે, થઈ શકે તેનાથી શબ્દોની પસંદગી કરવામાં ભૂલ થઈ હોય, જો તેણે એમ કર્યું હોય તો તેની વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. પરંતુ હું આટલું કહી શકુ છું કે, તે દેશ અને બંધારણનું સન્માન કરે છે.

### દિલ્હી પોલીસે રેપ કેસમાં ધરપકડ કરી

# ડાયરેક્ટર સનોજ મિશ્રાની દિલ્હી પોલીસે ધરપકડ કરી

## સનોજ મિશ્રા પર ઝાંસીની એક યુવતીનું ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપીને જાતીય શોષણનો આરોપ

નવી દિલ્હી,

પ્રયાગરાજ મહાકુંભ મેળામાં માળા વેચનારી વાઈરલ ગર્લ મોનાલીસાને ફિલ્મમાં કામ આપવાની ઑફર આપનારા ડાયરેક્ટર સનોજ મિશ્રાની દિલ્હી પોલીસે રેપ કેસમાં ધરપકડ કરી છે. દિલ્હી હાઈકોર્ટ દ્વારા તેની જામીન અરજી ફગાવી દેવામાં આવ્યા બાદ નબી કરીમ પોલીસ સ્ટેશને આ કાર્યવાહી કરી હતી. સનોજ મિશ્રા પર ઝાંસીની એક યુવતીનું ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપીને જાતીય શોષણ કર્યુ અને પછી ધમકીઓ આપીને તેને ચૂપ રાખવાનો આરોપ છે.

પીડિતાએ જણાવ્યું કે, સનોજ મિશ્રા સાથે મારી મુલાકાત ૨૦૨૦માં ટિકટોક અને ઈન્સ્ટાગ્રામ દ્વારા થઈ હતી. તે સમયે હું ઝાંસીમાં રહેતી હતી. થોડા સમય સુધી ચેટ અને વાતચીત બાદ ૧૭ જૂન, ૨૦૨૧ના રોજ સનોજે મને ફોન કરીને કહ્યું કે હું ઝાંસી રેલવે સ્ટેશન પર પહોંચી ગયો છું.

સામાજિક દબાણનો હવાલો આપીને મેં તેને મળવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ સનોજે આત્મહત્યા કરવાની ધમકી આપી હતી. ડરના કારણે હું તેને મળવા ગઈ. બીજા દિવસે ૧૮ જૂન, ૨૦૨૧ના રોજ સનોજે ફરીથી મને આત્મહત્યા કરવાની ધમકી આપીને રેલવે સ્ટેશન પર બોલાવી અને ત્યાંથી મને એક રિસોર્ટમાં લઈ ગયો જ્યાં તેણે મને માદક પદાર્થ ખવડાવીને મારી સાથે દુષ્કર્મ આચર્યું. પીડિતાએ પોતાની FIRમાં જણાવ્યું કે, સનોજે મારા વાંધાજનક ફોટોગ્રાફ્સ અને વીડિયો બનાવ્યા હતા અને જો હું તેનો વિરોધ કરું તો તેને જાહેર કરી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ લગ્નની લાલચ આપી સનોજે મને ઘણી વખત અલગ-અલગ જગ્યાએ બોલાવી અને મારી સાથે શારીરિક સંબંધો બાંધ્યા અને ફિલ્મોમાં કામ અપાવવાની લાલચ આપી. આ જ આશા સાથે હું મુંબઈ જતી રહી અને સનોજ સાથે રહેવા લાગી. ત્યાં પણ સનોજે મારું શોષણ કરવાનું ચાલુ રાખ્યું અને ઘણી વખત મારપીટ કરી.

પીડિતાએ આરોપ લગાવ્યો છે કે, સનોજે ત્રણ વાર બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવી દીધું. ફેબ્રુઆરી ૨૦૨૫માં સનોજે મને છોડી દીધી અને ધમકી આપી કે જો હું ફરિયાદ કરીશ તો મારા અશ્લીલ ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દઈશ. દિલ્હી પોલીસે પીડિતાની ફરિયાદ પર સનોજ મિશ્રા વિરુદ્ધ કેસ નોંધ્યો હતો. તપાસ બાદ તેની ધરપકડ કરવામાં આવી છે. સનોજે જામીન માટે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, પરંતુ કોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી. આ પછી પોલીસે તેને કસ્ટડીમાં લીધો છે. આ મામલો ત્યારે વધુ ચર્ચામાં આવ્યો જ્યારે સનોજનું નામ મહાકુંભ મેળાની વાઈરલ ગર્લ મોનાલીસા સાથે જોડાયું, જેને તેણે પોતાની ફિલ્મ 'ધ મણિપુર ડાયરી'માં કાસ્ટ કરવાનો દાવો કર્યો હતો. પોલીસ હવે આ મામલાની તપાસ કરી રહી છે.

RNI No. GUJGUJ/2015/62352 Published & Owned by HETALBEN JIGNESHBHAI GAJJAR and Printed By JIGNESH RASHIKBHAI GAJJAR at VANSH CORPORATION, A/8, Shayona Golden Estate, Shahibaug, Ahmedabad - 380 004 and Published from 13, Shiv Shankalp Society, Near Naranpura Post Office, Naranpura, Ahmedabad - 380 013. Editor : HETALBEN JIGNESHBHAI GAJJAR

### PWA-CPNએ નોમિનેટ કર્યા

# પાક.ના પૂર્વ PM ઈમરાન ખાનને મળશે શાંતિ નોબલ પુરસ્કાર?

## અગાઉ પણ શાંતિ નોબલ પુરસ્કાર માટે નામ મોકલાયું હતું



ઈસ્લામાબાદ,
જેલમાં બંધ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને શાંતિ નોબલ પુરસ્કાર આપવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. પાકિસ્તાન વર્લ્ડ એલાયન્સ (PWA) અને નૉર્વેજિયમ રાજકીય પાર્ટી સેન્ટ્રમ (CPN)એ માનવાધિકારો અને લોકશાહી પ્રત્યે યોગદાન બદલ ઈરમરાનનું નામ પુરસ્કાર માટે નોમિનેટ કર્યું છે.

પાકિસ્તાન વર્લ્ડ એલાયન્સ એક વકીલાત જૂથ છે અને તેની સ્થાપના ડિસેમ્બર-૨૦૨૩માં કરવામાં આવી હતી. આ સંગઠન નોર્વેની રાજકીય પાર્ટી સેન્ટ્રલ સાથે જોડાયેલું છે. સેન્ટ્રલ પાર્ટીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પુરસ્કાર અંગે પુષ્ટી કરી છે. પાર્ટીએ કહ્યું કે, ઈમરાન ખાને માનવાધિકારો અને લોકશાહીમાં શ્રેષ્ઠ કાર્યો કર્યા હોવાનું તેમને નોમિનેટ કરવામાં આવ્યા છે.

ઈમરાન ખાને અગાઉ દક્ષિણ એશિયામાં શાંતિ સ્થાપવાની દિશામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, જેના કારણે તેમને ૨૦૧૯માં શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરાયા હતા. ઉલ્લેખનીય છે કે, નૉર્વેજિયમ નોબેલ સમિતિને દર વર્ષે સેંકડો નોમિનેશન મળે છે. ત્યારબાદ આઠ મહિનાની લાંબી પ્રક્રિયા બાદ વિજેતાનો નિર્ણય, પછી ઓક્ટોબરમાં પુરસ્કારની જાહેરાત અને ડિસેમ્બર-૨૦૨૫માં પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના સ્થાપક ઈમરાન ખાન ઓગસ્ટ-૨૦૨૩થી જેલમાં બંધ છે. જાન્યુઆરી-૨૦૨૪માં તેમના પર સત્તાનો દુરુપયોગ અને ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા છે, જેના કારણે તેમને ૧૪ વર્ષની સજા સંભળાવવામાં આવી છે. એટલું જ નહીં સરકારી ભેટોનું વેચાણ, સરકારી રહસ્યો લીક કરવા અને ગેરકાયદે લગ્ન સંબંધિત ત્રણ અન્ય કેસમાં પણ દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

જોકે કોર્ટે આ સજાઓને પલટાવી દીધી છે અથવા તો સસ્પેન્ડ કરી દીધી છે. એપ્રિલ-૨૦૨૨માં અવિશ્વાસ પ્રસ્તાવના કારણે ઈમરાન ખાને સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો, ત્યારબાદ પાકિસ્તાનમાં ભારે ઉથલપાથલ સર્જાઈ હતી.

### ટોલ ટેક્સમાં પથી ૪૦ રૂપિયાનો વધારો કરાયો

# નેશનલ અને સ્ટેટ હાઈવે પરના ટોલ ટેક્સમાં ૧ એપ્રિલથી વધારો

## અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર કાર અને જીપ જેવા વાહનો માટે હાલના ૧૩૫ના બદલે હવે ૧૪૦ ટોલ ચૂકવવો પડશે

નવી દિલ્હી,
નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા દ્વારા નેશનલ હાઈવે પર ટોલ ટેક્સમાં રૂપિયા પાંચથી ૪૦ સુધીનો વધારો ઝીંકાયો છે. આ ભાવ વધારો પહેલી એપ્રિલથી રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પર લાગૂ કરાશે. આગામી ૧ એપ્રિલથી અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર મુસાફરી કરનારા વાહનચાલકોને હવે વધુ ટોલ ચૂકવવો પડશે. નવા ભાવ મુજબ, કાર અને જીપ જેવા વાહનો માટે હાલના ૧૩૫ના બદલે હવે ૧૪૦ ટોલ ચૂકવવો પડશે. આ જ રીતે, બસ અને ટ્રક જેવા મોટા વાહનો માટે ટોલની કિંમત ૪૬૫થી વધીને ૪૮૦ થશે.

અમદાવાદ-વડોદરા વચ્ચેના નેશનલ હાઈવે ૪૮ પર પણ ટોલના દરમાં વધારો કરવામાં આવ્યો છે. વડોદરાથી આણંદ સુધી કારમાં મુસાફરી કરવા માટે હવે રૂ.૫૦ના બદલે રૂ.૫૫ ટોલ ચૂકવવો પડશે, જ્યારે વડોદરાથી નડિયાદ સુધીનો ટોલ રૂ.૭૦થી વધીને ૭૫ થશે. આ ઉપરાંત, રઘવાણજ ટોલ પ્લાઝા પર કાર અને જીપ માટે ટોલની કિંમત ૧૧૦ થઈ જશે, જ્યારે વાસદથી વડોદરા સુધી કાર અને જીપ માટે હવે ૧૬૦ ટોલ લેવામાં આવશે. ભરથાણા ટોલપ્લાઝા પર પણ કાર અને જીપની ટોલ ફી ૧૫૫થી વધીને ૧૬૦ થઈ જશે. આમ, ૧ એપ્રિલથી રાજ્યના વિવિધ ટોલ પ્લાઝા પર ટોલના ભાવમાં વધારો થવાથી વાહનચાલકોના મુસાફરી ખર્ચમાં વધારો થશે, જે મોંઘવારીના સમયમાં તેમના માટે વધુ એક બોજ સાબિત થઈ શકે છે. આ નવા ટોલના દર આગામી નાણાકીય વર્ષની શરૂઆત સાથે જ લાગુ થઈ જશે. અમદાવાદ - વડોદરા વચ્ચેના એક્સપ્રેસ વે ટોલ ટેક્સમાં વધારો થતાં હવે કાર-જીપ ચાલકે રૂપિયા ૧૩૫ના બદલે ૧૪૦ રૂપિયા, રિટર્નમાં રૂપિયા ૨૦૫ના બદલે રૂપિયા ૨૧૫, એલસીવીના રૂપિયા ૨૨૦ના બદલે ૨૩૦, રિટર્નમાં રૂપિયા ૩૩૦ના બદલે નેશનલ રૂપિયા ૩૪૫ અને બસ-ટ્રકના ચાલકે રૂપિયા ૪૬૫ના બદલે રૂપિયા ૪૮૦ અને રિટર્નમાં ૭૨૦ના બદલ ૭૬૦ રૂપિયા પડશે. નવસારીના બોરિયાચ ટોલ ટેક્સ પર ટોલમાં પણ વધારો લાગુ થશે. બોરિયાચમાં માત્ર સાડા ચાર મહિના બાદ ફરી ટોલ ટેક્સમાં વધારો થયો છે. લાઈટ મોટર વ્હીકલના ૧૧૫ની જગ્યાએ ૧૨૦ રૂપિયા ચૂકવવાના રહેશે. કોમર્શિયલ વ્હીકલના ૧૯૦ની જગ્યાએ ૧૯૫ રૂપિયા ચૂકવવાના રહેશે.બસ અને ટ્રકના ૩૯૫ની જગ્યાએ ૪૧૦ ચૂકવવાના રહેશે.મલ્ટી એક્સલ વાહનોના ૬૨૦ની જગ્યાએ ૬૪૦ ચૂકવવાના રહેશે,મોટા વાહનોના ૭૫૫ની જગ્યાએ ૭૮૦ ચૂકવવાના રહેશે. કરનાલના ઘરૌંડા ટોલ પ્લાઝાની. અહીં ટોલના ભાવમાં ૫ રૂપિયાથી લઈને ૪૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. નવા દર મુજબ, હવે કાર, જીપ અને વેન માટે એક તરફનો ટોલ ૧૯૫ રૂપિયા હશે, જ્યારે આવવા-જવાનો ટોલ ૨૯૦ રૂપિયા રહેશે. આ ઉપરાંત, માસિક પાસ માટે તમારે હવે ૬૪૨૫ રૂપિયા ચૂકવવા પડશે. ઘરૌંડા ટોલના દરમાં વધારો થવાથી દિલ્હીથી ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીર તરફ જતા વાહનોને સીધી અસર થશે. ફરિદાબાદ અને પલવલ વચ્ચે આવેલા ગદપુરી ટોલ પ્લાઝા પર પણ ટોલના દરમાં ૫ રૂપિયાથી લઈને ૨૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. હાલમાં કાર દ્વારા એક તરફનો ટોલ ૧૨૦ રૂપિયા વસૂલવામાં આવે છે, જે આજથી ૫ રૂપિયા વધીને ૧૨૫ રૂપિયા થશે. તે જ સમયે, આવવા-જવા માટે તમારે ૧૮૦ રૂપિયાના બદલે ૧૮૫ રૂપિયા ચૂકવવા પડશે. વ્યાપારી વાહનો માટે એક તરફનો ટોલ ૧૯૦ રૂપિયાથી વધીને ૧૯૫ રૂપિયા અને બંને તરફનો ટોલ ૨૮૦ રૂપિયાથી વધીને ૨૯૦ રૂપિયા થશે. ગુરુગ્રામમાં આવેલા ખેડકી દૌલા ટોલ પર પણ વાહનચાલકોને હવે ૫ રૂપિયા વધુ ચૂકવવા પડશે. અહીં ખાનગી કાર, જીપ અને વેન માટે ટોલ ૮૫ રૂપિયા, લાઈટ મોટર વ્હીકલ અને મીની બસ માટે ૧૨૫ રૂપિયા અને બસ તથા ટ્રક (2XL) માટે ૨૫૫ રૂપિયા રહેશે. વ્યાપારી કાર, જીપ અને વાન માટે માસિક પાસ ૧૨૫૫ રૂપિયા, લાઈટ મોટર વ્હીકલ અને મીની બસ માટે ૧૮૫૦ રૂપિયા અને બસ તથા ટ્રક (2XL) માટે ૩૭૭૦ રૂપિયા રહેશે. મહેન્દ્રગઢમાં હાઈવે નંબર 148B પર સિરોહી બહાલી નંગલ ચૌધરી અને હાઈવે નંબર 152D પર નારનૌલમાં જાટ ગુવાના ખાતેના ટોલના દરોમાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.દિલ્હી-પટિયાલા નેશનલ હાઈવે પર જીંદમાં આવેલા ખટકર ટોલ પ્લાઝા પર પણ ટોલના ભાવમાં ૫ રૂપિયાથી લઈને ૨૫ રૂપિયા સુધીનો વધારો થયો છે. હાલમાં ખટકર ટોલ પર કાર, જીપ અને વાન માટે એક તરફનો ટોલ ૧૨૦ રૂપિયા અને બંને તરફનો ટોલ ૧૮૦ રૂપિયા છે. આજથી કાર, જીપ અને વાન માટે એક તરફનો ટોલ ૧૨૫ રૂપિયા અને બંને તરફનો ટોલ પણ ૧૮૫ રૂપિયા થશે. હળવા વ્યાપારી વાહનો માટેનો ટોલ બંને તરફનો ૨૯૦ રૂપિયાથી વધીને ૩૦૦ રૂપિયા થશે, જ્યારે બસ અને ટ્રક માટે એક તરફનો ટોલ ૪૦૫ રૂપિયાથી વધીને ૪૨૦ રૂપિયા થશે. ઝજ્જર જિલ્લામાં આવેલા કુલ ૫ ટોલમાંથી ૨ કેએમપી એક્સપ્રેસ વે પર બદલી અને મંડોથી ખાતે આવેલા છે અને અહીંથી પસાર થવા પર પણ વાહનચાલકોને હવે વધુ ટોલ ચૂકવવો પડશે.

### મ્યાનમાર ભૂકંપમાં મૃત્યુઆંક ૨,૦૦૦ની નજીક પહોંચ્યો

# લોકોને બચાવવા હજુ પણ ચાલી રહ્યું છે રેસ્ક્યૂ ઓપરેશન

## ચીન, ભારત અને થાઈલેન્ડે મ્યાનમારમાં રાહત સામગ્રી અને ટીમો મોકલી

મ્યાનમાર,
મ્યાનમારમાં આવેલા ભયાનક ભૂકંપમાં અત્યાર સુધી લગભગ ૨૦૦૦ લોકો માર્યા ગયા છે. ચીની મીડિયાના અહેવાલ અનુસાર, મ્યાનમારમાં ભૂકંપમાં ધરાશાયી થયેલી ઈમારતોમાં ફસાયેલા ચાર લોકોને બચાવી લેવામાં આવ્યા છે. મ્યાનમાર અને થાઈલેન્ડમાં રાહતબચાવકર્મીઓ ફસાયેલ જીવિત લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યા છે. ન્યૂઝ એજન્સી સિન્હુઆએ કહ્યું હતું કે સોમવારે વહેલી સવારે માંડલેમાં કાટમાળમાંથી બચાવાયેલા લોકોમાં એક ગર્ભવતી મહિલા અને એક છોકરીનો સમાવેશ થાય છે. માંડલે શુક્રવારે આવેલા ૭.૭ ની તીવ્રતાના ભૂકંપના કેન્દ્રબિંદુની નજીક છે. ભૂકંપે મ્યાનમારમાં મોટા પાયે વિનાશ વેર્યો હતો અને પાડોશી થાઈલેન્ડમાં પણ ભૂકંપના કારણે કેટલાક લોકોના મોત થયા છે. ચીન, ભારત અને થાઈલેન્ડે મ્યાનમારમાં રાહત સામગ્રી અને ટીમો મોકલી છે. સાથે સાથે મલેશિયા, સિંગાપોર અને રશિયાએ રાહત સામગ્રી અને બચાવકર્મીઓ મોકલ્યા છે. સિન્હુઆએ કહ્યું હતું કે ચીન સર્ચ એન્ડ રેસ્ક્યૂ ટીમના પ્રથમ ટીમના વડા યૂ શિને કહ્યું હતું કે તેનાથી કોઈ ફરક નથી પડતો કે અમે કેટલા સમય સુધી કામ કરીએ છીએ. સૌથી મહત્વની બાબત એ છે કે આપણે સ્થાનિક લોકોમાં આશા લાવી શકીએ છીએ. થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં સોમવારે ક્રેન અને ડોગ સ્નિફર્સનો ઉપયોગ કરીને કટોકટીના ક્રૂએ ઈમારતના કાટમાળ નીચે દટાયેલા માનવામાં આવતા ૭૬ લોકોની શોધ ચાલુ રાખી હતી. બેંગકોકના ગવર્નર Chadchart Sittipuntએ જણાવ્યું હતું કે લોકોને જીવતા શોધવા માટે બચાવકર્તાઓ ખૂબ મહેનત કરી રહ્યા છે. સર્ચ ઓપરેશન ૭૨ કલાક પછી પણ ચાલુ રહેશે કારણ કે તુર્કીમાં એક અઠવાડિયાથી ફસાયેલા લોકો બચી ગયા છે. તેમણે કહ્યું કે કાટમાળના મશીન સ્કેનથી જાણવા મળ્યું છે કે હજુ પણ લોકો નીચે જીવિત હોઈ શકે છે અને તેમના સ્થાનો શોધવા માટે સ્નિફર ડોગની મદદ લેવામાં આવી રહી છે. રવિવારે થાઈલેન્ડનો સત્તાવાર મૃત્યુઆંક ૧૮ હતો, પરંતુ ધરાશાયી થયેલી ઈમારતના સ્થળે વધુ બચાવ કામગીરી ન થાય તો તે વધી શકે છે. મ્યાનમારમાં રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે રવિવાર સુધીમાં ઓછામાં ઓછા ૧૭૦૦ લોકોના મૃત્યુની પુષ્ટી કરવામાં આવી છે. વોલ સ્ટ્રીટ જર્નલે લશ્કરી શાસકને ટાંકીને અહેવાલ આપ્યો છે કે મ્યાનમારમાં મૃત્યુઆંક ૨,૦૨૮ પર પહોંચી ગયો છે. રોઈટર્સ તાત્કાલિક નવા મૃત્યુઆંકની પુષ્ટી કરી શક્યું નથી. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું કે તે મધ્ય મ્યાનમારમાં બચી ગયેલા લોકો માટે રાહત પુરવઠો પહોંચાડી રહ્યું છે. અમેરિકાએ "મ્યાનમાર સ્થિત માનવતાવાદી સહાય સંસ્થાઓ દ્વારા" ૨ મિલિયન ડોલરની સહાયનું વચન આપ્યું છે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ વહીવટ હેઠળ મોટા પાયે કાપ મુકી રહેલા USAID ની એક ટીમ મ્યાનમારમાં તૈનાત કરવામાં આવી રહી છે. એક બળવાખોર જૂથે કહ્યું કે ભૂકંપ પછી મ્યાનમારનું સૈન્ય હજુ પણ ગામડાઓ પર હવાઈ હુમલા કરી રહી છે.

### ઝડપાયા પછી પૂછ્યું- કોઈ મરી ગયું?

# નોઈડામાં લેમ્બોર્ગિની લઈને જતા યુવકે શ્રમિકોને કચડ્યાં

નોઈડા,
ઉત્તર પ્રદેશના નોઈડામાં રવિવારે (૩૧ માર્ચ) એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. નોઈડા સેક્ટર ૧૨૬માં સાંજે લેમ્બોર્ગિની કાર ડ્રાઈવરે ફૂટપાથ પર બેઠેલા બે શ્રમિકોને કચડી નાંખ્યા હતાં. ઈજાગ્રસ્તોને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. વળી, ઘટનાસ્થળે જ્યારે લોકોએ ડ્રાઈવરને રોક્યો અને પોલીસને બોલાવવાની વાત કરી તો જાણે તેને કોઈનો ડર જ ન હોય તેમ ખૂબ જ આરામથી લોકોને પૂછી રહ્યો છે કે, શું કોઈ મરી ગયું?

લેમ્બોર્ગિની કાર દ્વારા સર્જાયેલા અકસ્માત બાદ લોકોએ ડ્રાઈવરને ઘેરી લીધો હતો. જ્યારે લોકોએ કહ્યું, તને બહુ સ્ટંટબાજી કરવી છે? તો દીપક નામનો આરોપી કારની અંદરથી ખૂબ જ આરામથી બહાર આવ્યો ત્યારે લોકોએ પૂછ્યું તને ખબર છે કેટલાં લોકોના મોત થયા? આ સાંભળીને આરોપી સામે લોકોને પૂછે છે કે, શું કોઈ મરી ગયું? મેં થોડી જ રેસ આપી હતી. આ અકસ્માતનો અમુક સેકન્ડનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે. જેમાં જોવા મળી રહ્યું છે કે, અકસ્માત બાદ કાર ડિવાઈડર પર ચઢી ગઈ છે અને ડ્રાઈવર અંદર જ બેઠો છે. બાદમાં એક વ્યક્તિ ગેટ ખોલાવીને ડ્રાઈવરને પૂછે છે કે, તને ખબર છે અકસ્માતમાં કેટલાં લોકો મરી ગયા? જેના જવાબમાં આરોપી પૂછે છે કે, શું કોઈ મરી ગયું? કારની બહારનો વ્યક્તિ ડ્રાઈવરને સ્ટંટ કરવાની વાત કહી તો, આરોપીએ રેસ માટે એક્સીલેટર વધારવાની વાતની કબૂલાત કરી હતી. પોલીસનું કહેવું છે કે, દીપક ગાડી ખરીદ-વેચાણ માટે બ્રોકરનું કામ કરે છે. એક વ્યક્તિ માટે લેમ્બોર્ગિની ખરીદવાની હતી. જ્યારે આરોપી ટેસ્ટ ડ્રાઈવ કરતો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. કાર ચાલકે પૂછપરછ દરમિયાન જણાવ્યું કે, અચાનક ગાડી બેકાબૂ થઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ, જે લેમ્બોર્ગિનીથી કાર અકસ્માત થયો છે, ભારતમાં તેની કિંમત ૪ થી ૯ કરોડ રૂપિયા છે. હાલ, કારની કિંમત અને તેનો માલિક કોણ છે, તેની તપાસ કરવામાં આવી રહી છે.

### AAP સાંસદ સંજયસિંહનો દાવો

# વક્ફ બિલ આવ્યું તો પડી જશે મોદી સરકાર, નીતિશ-નાયડુ ખેંચી લેશે ટેકો

## તેમણે કહ્યું કે, ચંદ્રબાબુ નાયડુ, નીતિશ કુમાર, ચિરાગ પાસવાન અને જયંત ચૌધરી બધાએ મળીને અલ્ટીમેટમ આપ્યું છે




નવી દિલ્હી,
વકફ બિલ પર દેશમાં રાજકીય નિવેદનબાજી ચાલુ છે. આ દરમિયાન AAP સાંસદ સંજય સિંહે રવિવારે (૩૦મી માર્ચ) દાવો કર્યો હતો કે, જો ભાજપ વક્ફ બિલ લાવશે તો મોદી સરકાર પડી જશે. તેમણે કહ્યું કે, ચંદ્રબાબુ નાયડુ, નીતિશ કુમાર, ચિરાગ પાસવાન અને જયંત ચૌધરી બધાએ મળીને અલ્ટીમેટમ આપ્યું છે.

લખનઉમાં પાર્ટીના કાર્યાલયમાં આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે, વર્ષ ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટમાં સ્વીકાર કરવામાં આવ્યો હતો. જેમાં મોદી સરકારે કહ્યું કે અમારી પાસે ૯૯ ટકા મિલકતોના દસ્તાવેજો છે. બધી મિલકતો માન્ય છે. બિલમાં એવું લખેલું છે કે જો કોઈ વ્યક્તિ પાંચ વર્ષ સુધી મુસ્લિમ રહે છે, તો જ તે મસ્જિદ કે મદરેસામાં દાન કરી શકે છે. દુનિયાનો કોઈ એવો કાયદો જણાવો જેમાં દાન આપવા માટે ધાર્મિક રીતરિવાજોનું પાલન કરવું જરૂરી હોય. નાસ્તિક પણ દાન કરી શકે છે. જે કોઈ પણ ધર્મમાં માનતો નથી. શું તમે આવો કોઈ કાયદો બનાવ્યો છે? ભાજપ પર આરોપ લગાવતા આપ સાંસદ સંજય સિંહે કહ્યું કે, તે જ પાર્ટી (BJP) છે જેણે અયોધ્યામાં વડાપ્રધાનના મિત્રને સંરક્ષણ જમીન આપી હતી. આ એ જ પાર્ટી છે જેણે રામ મંદિર માટે દાનમાં છેતરપિંડી કરી હતી અને પાંચ મિનિટમાં ૧૮.૫ કરોડ રૂપિયામાં ૨ કરોડ રૂપિયાની જમીન ખરીદી હતી. જે લોકો ભગવાન શ્રી રામના નામે જમીન કૌભાંડ અને ભ્રષ્ટાચાર કરી શકે છે, જો આજે વક્ફ બિલ પસાર થાય છે, તો કાલે મંદિરની જમીન પર કબજો કરવાનું બિલ પસાર થશે. ત્યારબાદ ગુરુદ્વારા અને ચર્ચની જમીન પર કબજો મેળવવા માટેનું બિલ પસાર કરવામાં આવશે. કારણ કે ધાર્મિક ભૂમિની આસપાસની મિલકત મોંઘી છે, મહત્વપૂર્ણ સ્થળોએ છે અને મોદીજીના મિત્રો તેના પર સારો વ્યવસાય કરી શકે છે.

### બંધારણ બદલવા મુદ્દે કહ્યું હું ગંભીર છું

# ત્રીજી વખત પ્રમુખ બનવા ડોનાલ્ડ ટ્રમ્પના અભરખા

## ટ્રમ્પને ત્રીજી વખત પ્રમુખ બનવા માટેના માર્ગ વિશે પૂછવામાં આવતાં ટ્રમ્પે કહ્યું કે, એવાં ઘણા માર્ગો છે

વૉશિંગ્ટન
ડોનાલ્ડ ટ્રમ્પ ત્રીજી વખત અમેરિકાના પ્રમુખ બનવા માગે છે. જેના માટે તેઓ અમેરિકાના બંધારણમાં ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યા હોવાની માહિતી તેમણે પોતે જ આપી છે. ટ્રમ્પે અગાઉ પણ અનેક વખત પોતાની પ્રમુખ બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. હાલમાં જ એક મીડિયા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે, હું પ્રમુખ તરીકે ત્રીજો કાર્યકાળ સંભાળવા વિચારી રહ્યો છું. તેના માટે બંધારણમાં ફેરફારો કરવાનું વિચારી રહ્યો છું. બંધારણમાં ત્રીજી વખત રાષ્ટ્રપ્રમુખ બનવા માટેની રીત ઉપલબ્ધ છે. અને તેના માટે હું ગંભીરપણે વિચારી રહ્યો છું.

ટ્રમ્પને ત્રીજી વખત પ્રમુખ બનવા માટેના માર્ગ વિશે પૂછવામાં આવતાં ટ્રમ્પે કહ્યું કે, એવાં ઘણા માર્ગો છે, જેનાથી તમે આ શક્ય બનાવી શકો છો. બાદમાં ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે, શું જેડી વેન્સ પ્રમુખ પદ માટે ચૂંટણી લડશે અને ચૂંટણી જીત્યા બાદ ટ્રમ્પને પ્રમુખની ખુરશી સોંપી દેશે? ટ્રમ્પે તેના પર તુરંત જવાબ આપ્યો કે, આ એક કારગર ઉપાય છે. પરંતુ તેના સિવાય અન્ય ઘણા માર્ગો છો. જેના માટે બંધારણમાં સુધારા શક્ય છે.

ઉલ્લેખનીય છે, અમેરિકામાં કોઈપણ નેતા બે વખત જ પ્રમુખ તરીકેનું પદ સંભાળી શકે છે. જો ટ્રમ્પ ત્રીજી વખત પ્રમુખ બનવાનો પ્રયાસ કરે છે, તો તેના માટે બંધારણમાં સુધારા કરવાની જરૂર પડશે. આ સુધારા માટે અમેરિકાના સાંસદો અને રાજ્યોના સમર્થનની પણ જરૂર પડશે.

ટ્રમ્પે અનેક વખત ત્રીજી વખત પ્રમુખની ચૂંટણી લડવાની વાત કહી છે. જાન્યુઆરીમાં બીજી વખત પ્રમુખ તરીકેનો કાર્યકાળ સંભાળતાંની સાથે ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીના સાંસદ એન્ડી ઓગલ્સે એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ટ્રમ્પને ત્રીજી વખત પ્રમુખ બનાવવાની મંજૂરી આપવા માટે સંસદના નીચલા સદનની પ્રતિનિધિ સભામાં આ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસ્તાવમાં નોંધવામાં આવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિ સતત બે વખત પ્રમુખ બને છે, તો ત્રીજી વખત તે પ્રમુખ માટે ચૂંટણી લડી શકે નહીં. પરંતુ ટ્રમ્પ ૨૦૨૦માં ચૂંટણી હાર્યા હતા. જેથી તેઓ ત્રીજી વખત રાષ્ટ્રપ્રમુખ બનવા માટે યોગ્ય છે.

### સરકારની નવો નિયમ બનાવવાની તૈયારી

# વારંવાર મેમો છતાં દંડ ન ભરતાં વાહનચાલકોની હવે ખેર નહીં

## મેમો ભરવામાં સૌથી વધુ બેદરકારી દેશની રાજધાનીમાં

નવી દિલ્હી,
ટ્રાફિકના ભંગ બદલ મળતો ઈ-મેમો હવે જારી થયાના ત્રણ મહિનાની અંદર ચૂકવવામાં નહીં આવે તો ડ્રાઈવિંગ લાયસન્સ રદ થઈ શકે છે. વધુમાં કાયદા અમલીકરણ એજન્સીઓ એક નાણાકીય વર્ષમાં ખરાબ ડ્રાઈવિંગ, ટ્રાફિક સિગ્નલનો ભંગ જેવા નિયમોનો ત્રણ વખત ભંગ કરશે તો તેમનું લાયસન્સ ઓછામાં ઓછા ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર માર્ગ અકસ્માત અટકાવવા તેમજ મેમો પ્રત્યે નાગરિકોની બેદરકારીને ધ્યાનમાં લેતાં આ પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું કે, ઘણા રાજ્યોમાં મોટાપાયે ટ્રાફિક મેમો ચૂકવવામાં આવી રહ્યા નથી. જેના લીધે મેમોના માધ્યમથી ખરાબ ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાનો ઉદ્દેશ સફળ થઈ રહ્યો નથી. જેથી સરકાર લાયસન્સ જપ્ત કરવાનું વિચારી રહી છે. વધુમાં જે લોકો પર ઓછામાં ઓછા બે ઈ-મેમો પેન્ડિંગ હોય તો તેમના વાહન પર ઈન્સ્યોરન્સ પ્રીમિયમ વધારી દેવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે હાલમાં જ ૨૩ રાજ્યો અને સાત કેન્દ્ર શાસિત પ્રદેશો પાસે રિપોર્ટ માગ્યો હતો કે, વ્હિકલ્સ ઍક્ટ હેઠળ મેમો આપવાનું સ્ટેટસ શું છે? આ ઍક્ટ હેઠળ સીસીટીવી કેમેરા લગાવવા, સ્પીડ ગન ચલાવવા તેમજ ઓટોમેટિક નંબર પ્લેટ રજિસ્ટ્રેશન સુવિધા શરુ થઈ છે કે કેમ? આ રિપોર્ટમાં ચોંકાવનારી સ્થિતિ નોંધાતાં કેન્દ્ર સરકાર આ પ્રસ્તાવ પર વિચારણા કરી રહી છે. ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યારસુધીમાં વિવિધ રાજ્યોમાં ઈશ્યુ થયેલા મેમોમાં દેશની રાજધાની દિલ્હીનો રિકવરી રેટ માત્ર ૧૪ ટકા છે. જ્યારે કર્ણાટકમાં રિકવરી રેટ ૨૧ ટકા છે. બીજી તરફ રાજસ્થાનમાં ઈ-મેમો ચૂકવણી પ્રત્યે સૌથી વધુ ૭૬ ટકા નાગરિકો સજાગ છે. બિહારમાં મેમો રિકવરી રેટ ૭૧ ટકા અને મધ્યપ્રદેશમાં ૬૬ ટકા છે. ઉલ્લેખનીય છે, ચાલુ કેલેન્ડર વર્ષમાં દિલ્હીમાં અત્યારસુધી કુલ રૂ. ૪૪૬૮ કરોડના ૫.૩ કરોડ ઈ-મેમો ઈશ્યુ થયા છે. જ્યારે રાજસ્થાનમાં રૂ. ૨૩૩૩ કરોડના ૮૭.૭ લાખ ઈ-મેમો ઈશ્યુ થયા છે. ટ્રાફિક નિયમોનો ભંગ કરવા બદલ વ્હિકલના માલિક કે ડ્રાઈવરને ત્રણ દિવસની અંદર ઈ-મેમો નોટિસ મોકલવામાં આવશે. જેની ચૂકવણી ૩૦ દિવસની અંદર કરવાની રહેશે.

જો ૩૦ દિવસની અંદર ચૂકવણી ન થાય તો કોર્ટ સમક્ષ મેમો રજૂ કરવામાં આવશે. તેમ છતાં ૯૦ દિવસની અંદર ચૂકવણી કરવામાં ન આવી તો ડ્રાઈવિંગ લાયસન્સ અથવા રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ (આરસી) પેમેન્ટ ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવા ઓર્ડર આપવામાં આવશે.

### મ્યાનમાર ભૂકંપને લઈ નવી વિગતો બહાર આવી

# મ્યાનમારમાં ૬૦ મસ્જિદ નષ્ટ, ૭૦૦થી વધુએ જીવ ગુમાવ્યા

## સ્પ્રિંગ રિવોલ્યુશન મ્યાનમાર મુસ્લિમ નેટવર્કના સભ્ય તુન કીએ જણાવ્યું હતું કે ભૂકંપ શુક્રવારની નમાજ દરમિયાન આવ્યો હતો

મ્યાનમાર,
રમઝાનના પવિત્ર મહિનાની નમાજ દરમિયાન મ્યાનમારમાં ૭.૭ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો, જેના કારણે ભારે તબાહી મચી ગઈ. સ્પ્રિંગ રિવોલ્યુશન મ્યાનમાર મુસ્લિમ નેટવર્ક અનુસાર, આ દુર્ઘટનામાં ૭૦૦ થી વધુ નમાઝીઓ મસ્જિદોમાં ફસાયા હતા અને તેમના મૃત્યુ થયા હતા. મ્યાનમારના મંડલેમાં આવેલા ખતરનાક ભૂકંપમાં હજારો લોકો માર્યા ગયા. સત્તાવાર આંકડા મુજબ, કુલ ૧૭૦૦ લોકો મૃત્યુ પામ્યા છે. આ સમયગાળા દરમિયાન ૬૦ મસ્જિદો સંપૂર્ણપણે નાશ પામી હતી. આનું મુખ્ય કારણ જૂની રચના હોવાનું માનવામાં આવે છે. સ્પ્રિંગ રિવોલ્યુશન મ્યાનમાર મુસ્લિમ નેટવર્કના સભ્ય તુન કીએ જણાવ્યું હતું કે ભૂકંપ શુક્રવારની નમાજ દરમિયાન આવ્યો હતો, જ્યારે મસ્જિદો નમાઝીઓથી ભરેલી હતી. આના કારણે ઘણી મસ્જિદો ધરાશાયી થઈ ગઈ, અને સેંકડો લોકો કાટમાળ નીચે દટાઈ ગયા. યૂઝ પોર્ટલ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં ઘણી મસ્જિદો તૂટી પડતી અને લોકો પોતાનો જીવ બચાવવા માટે ભાગતા જોવા મળ્યા. આમાંની ઘણી મસ્જિદોની ઐતિહાસિક ઈમારતો હતી, જે ભૂકંપના આંચકાઓનો સામનો કરી શકી ન હતી. સરકારી અહેવાલો અનુસાર, મૃત્યુઆંક ૧,૭૦૦ થી વધુ પહોંચી ગયો છે, પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ નથી કે મસ્જિદોમાં માર્યા ગયેલા ૭૦૦+ લોકો આ આંકડામાં સામેલ છે કે નહીં. આ વિનાશક આપત્તિ પછી, બચાવ ટીમો અને રાહત સંસ્થાઓ ઝડપી ગતિએ રાહત કાર્યમાં રોકાયેલા છે. જોકે, મ્યાનમારમાં ચાલી રહેલી રાજકીય અસ્થિરતાને કારણે, રાહત કાર્યમાં ઘણી અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે. સ્પ્રિંગ રિવોલ્યુશન મ્યાનમાર મુસ્લિમ નેટવર્ક અનુસાર, આ દુર્ઘટનામાં ૭૦૦ થી વધુ નમાઝીઓ મસ્જિદોમાં ફસાયા હતા અને તેમના મૃત્યુ થયા હતા.મ્યાનમારમાં આવેલો ભૂકંપ ૨૦૨૫ ની સૌથી વિનાશક કુદરતી આફતોમાંની એક છે. ૭૦૦ થી વધુ નમાઝીઓના મૃત્યુએ આ દુર્ઘટનાને વધુ પીડાદાયક બનાવી છે. પીડિતોને રાહત, બચાવ અને માનવતાવાદી સહાયની તાત્કાલિક જરૂર છે.

### યુનિવર્સિટીમાં દરવર્ષે માર્ચ મહિના સુધીમાં વાર્ષિક બજેટ જાહેર કરાય છે

# ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા બે વર્ષથી વાર્ષિક બજેટની વિગતો છૂપાવાતાં વિવાદ



## અત્યાર સુધી સેનેટની બેઠકમાં બજેટ પસાર કરીને સાર્વત્રિક કરાતું પણ કોમન એક્ટ પછી બજેટની એકપણ વિગતો જાહેર કરવામાં આવી નથી

અમદાવાદ,

ગુજરાત યુનિવર્સિટીમાં સળંગ બીજા વર્ષે સત્તાવાર બજેટની કોઇ આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવી નથી. સરકાર દ્વારા વિધાનસભામાં સત્તાવાર બજેટ જાહેર કરવામાં આવતું હોય ત્યારે યુનિવર્સિટી સત્તાધીશો સળંગ બે વર્ષથી કયા કારણોસર બજેટની વિગતો છુપાવી રહ્યા છે તેની ચર્ચા શરૂ થઇ છે. આશ્ચર્યની વાત એ કે, પૂર્વ અને વર્તમાન રજિસ્ટ્રાર પણ બજેટની વિગતો અંગે અજાણ હોવાનું બહાર આવી રહ્યું છે.યુનિવર્સિટીમાં દરવર્ષે માર્ચ મહિના સુધીમાં વાર્ષિક બજેટ જાહેર કરવામાં આવતું હોય છે. આ બજેટમાં યુનિવર્સિટીને કેટલી આવક થશે, કયાંથી આવક થશે તેની સામે કેટલો ખર્ચ થશે, વિદ્યાર્થીઓની ફીમાંથી કેટલી રકમ આવશે, ભાડાની કેટલી આવક થઇ, અધ્યાપકો પાછળ કેટલો ખર્ચ થયો, યુનિવર્સિટી કાર્યાલય પાછળ કેટલો ખર્ચ થયો તે સહિતની નાનામાં નાની વિગતો વાર્ષિક બજેટમા જાહેર કરવામાં આવતી હોય છે. ભૂતકાળમાં દરવર્ષે ૨૯-૩૦ માર્ચના રોજ સેનેટની બેઠક બોલાવીને તેમાં સત્તાવાર રીતે બજેટને મંજુરી આપવાની પ્રક્રિયા કરવામાં આવતી હતી. જોકે, કોમન એક્ટ અને નવી એજ્યુકેશન પોલીસી આવ્યા બાદ સત્તામંડળોમાં ફેરફાર કરવા ઉપરાંત સેનેટની વ્યવસ્થા જ કાઢી નાંખવામાં આવી છે. આ સ્થિતિમાં સિન્ડીકેટની બેઠકમાં વાર્ષિક બજેટ રજૂ કરવાનું હોય છે. આ મુદ્દે યુનિવર્સિટીના સત્તાધીશો કહે છે કે અગાઉ મળેલી સિન્ડીકેટની બેઠકમાં બજેટને સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી હતી પરંતુ કેટલા કરોડનું બજેટ હતુ તેની કોઇ વિગતો નથી. વર્તમાન રજિસ્ટ્રાર પાસે પણ બજેટની લગતી કોઇ જાણકારી કે બજેટની કોપી પણ ઉપલબ્ધ નથી. મહત્વની વાત એ કે, રાજય સરકાર દ્વારા વિધાનસભામાં બજેટ જાહેર કરવામાં આવે છે અને આ બજેટ સામાન્ય વ્યક્તિની સમજણમાં આવે તે પ્રકારની વ્યવસ્થા પણ કરવામાં આવતી હોય છે. એટલું જ નહી સરકાર દ્વારા કેટલા કરોડનું બજેટ છે તેની સત્તાવાર જાહેરાત પણ કરાતી હોય છે. આમ, હાલની સ્થિતિમાં સરકાર કરતાં પણ ગુજરાત યુનિવર્સિટી મોટી હોય અને મહત્વની હોય તેવી રીતે છેલ્લા બે વર્ષથી બજેટનો આંકડો જ જાહેર કરવામાં આવતો નથી. ગૂજરાત વિદ્યાપીઠ અને જીટીયુ દ્વારા પણ તાજેતરમાં વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. પરંતુ યુનિવર્સિટીના સત્તાધીશો બજેટના મુદ્દે કુલડીમાં ગોળ ભાંગતા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે વર્ષથી બજેટની કોઇ વિગતો જાહેર કરાતી નથી. આ મુદ્દે યુનિવર્સિટી સાથે જોડાયેલા તજજ્ઞો કહે છે કે, વર્તમાન કુલપતિ આવ્યા બાદ એસ્ટેટ ડીપાર્ટમેન્ટ, એકાઉન્ટન્ટ અને જીયુસેક સહિતના અનેક મહત્વના વિભાગોમાં ઓએનજીસીમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓને દોઢ લાખ રૂપિયાથી લઇને ૫ લાખ રૂપિયા સુધીના તોતિંગ પગારથી નિયુક્ત કરવામાં આવ્યા છે. ખાલી પડનારી જગ્યા પર હવે ઓએનજીસીમાંથી જ અધિકારીઓ આવી રહ્યા છે ત્યારે તેમને ચુકવવામાં આવતાં પગારને લઇને વિવાદ થઇ ચુક્યો છે. આ ઉપરાંત વિદેશ પ્રવાસ સહિતના અનેક ખર્ચા બજેટમાં દર્શાવવા પડે તેમ હોવાથી બજેટની આંકડાકીય વિગતો જાહેર કરવામાં આવતી નહોવાની ચર્ચા યુનિવર્સિટીમાં શરૂ થઇ છે.

### ખેડૂતો ૨૦૦ રૂ. મણ ડુંગળી વેચવા મજબૂર

# ડુંગળીના ભાવ ગગડતા ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો

## ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ડુંગળીનો મબલખ પાક થયો છે પંરતુ ભાવ ના મળતા ડુંગળીના ખેડૂતોને ભારે નારાજ

રાજકોટ,

રાજ્યમાં ખેડૂતોને લઈને ફરી એકવાર ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરના માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવકોમાં સતત વધારો થઈ રહ્યો છે, પરંતુ એકાએક ભાવમાં ઘટાડો થતાં ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. હાલમાં રાજકોટ માર્કેટ યાર્ડમાં ડુંગળીના ભાવ મણ દીઠ ૧૦૦ થી ૩૦૦ બોલાઈ રહ્યાં છે, જેના કારણે ઉત્પાડન પડતર કરતાં ખેડૂતો નીચા ભાવે ડુંગળી વેચવા મજબૂર બન્યા છે.

ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ડુંગળીનો મબલખ પાક થયો છે પંરતુ ભાવ ના મળતા ડુંગળીના ખેડૂતોને ફરી એકવાર રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. તાજા અપડેટ પ્રમાણે, અત્યારે રાજકોટ સહિતના માર્કેટયાર્ડમાં ડુંગળીના ભાવમાં ભારે ભરખમ ઘટાડો જોવા મળી રહ્યો છે. અહીં એક મણ ડુંગળીનો ભાવ માત્ર ૧૦૦થી ૩૦૦ મળતો હોવાનો ખેડૂતોનો દાવો છે. લાલ ડુંગળી, સફેદ ડુંગળી અને પીળીપતી ડુંગળીની મબલખ આવકથી ભાવ ગગડ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. રાજકોટ માર્કેટયાર્ડમાં દરરોજની ૫ હજાર ગુણી ડુંગળીની આવક નોંધાઈ રહી છે. આ સાથે જ વાંકાનેર સહિતના વિસ્તારોમાંથી પણ પીળીપતી ડુંગળીની આવકો થઈ રહી છે. ખાસ વાત છે કે, ડુંગળીની નિકાસ પરના પ્રતિબંધો હટાવ્યા બાદ પણ સ્થિતિ જેમની તેમ જ છે.

ચિંતાની વાત તો એ છે કે, ડુંગળીના ખેડૂતો પોતાની ઉત્પાદન પડતર કરતા ૨૦૦ રૂ. નીચા ભાવે ડુંગળીનું વેચાણ કરવા મજબૂર બન્યા છે. વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી આંબાવાડીઓમાં પુષ્કળ પ્રમાણમાં મોર આવ્યો હતો. પરંતુ કમનસીબે, સમગ્ર મોર ખરી પડતાં કેરીનું ઉત્પાદન થશે કે કેમ તે અંગે ગંભીર સવાલો ઉભા થયા છે. વલસાડ જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખે દાવો કર્યો છે કે જિલ્લામાં કેરીના પાકને ૮૦ થી ૯૦ ટકા જેટલું જંગી નુકસાન થયું છે. ખેડૂત સમાજના પ્રમુખ ભગુભાઈ પટેલના જણાવ્યા અનુસાર, આ વર્ષે આંબાવાડીઓમાં કેરીનો મોર તો ખૂબ સારો આવ્યો હતો, પરંતુ ફલીકરણ ન થવાના કારણે કેરીના પાકને ભારે નુકસાન થયું છે. ખેડૂતોને શરૂઆતમાં પાકમાં નુકસાનનો અંદાજ આવ્યો નહોતો, પરંતુ જ્યારે ફલીકરણ ન થયું અને આખું ઝાડ કાળું પડવા લાગ્યું ત્યારે ખેડૂતોને પાકની ગંભીર સ્થિતિનો ખ્યાલ આવ્યો હતો. વલસાડ જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખે વધુમાં દાવો કર્યો છે કે વલસાડ જિલ્લામાં આવેલી જીઆઈડીસીના પ્રદૂષણયુક્ત વાયુના કારણે પણ કેરીના પાક પર વિપરીત અસર થઈ છે. જિલ્લામાં કુલ ૪૩ હજાર હેક્ટર વિસ્તારમાં કેરીનું વાવેતર કરવામાં આવ્યું હતું, પરંતુ વાતાવરણની પ્રતિકૂળ અસર અને સંભવિત પ્રદૂષણને કારણે ૮૦ થી ૯૦ ટકા જેટલું નુકસાન થયું હોવાનું અનુમાન છે. વાડીઓમાં કેરીનું ઉત્પાદન લગભગ નહીંવત થવાની સંભાવના છે, જેના કારણે આ વર્ષે બજારોમાં કેરીની આવક ખૂબ જ ઓછી રહેવાની શક્યતા છે.

### ૩૦થી વધુ વાહન બળીને ખાખ

# અમદાવાદના ઓઢવ બ્રિજ નીચે લાગી ભીષણ આગ

## ટ્રાફિક પોલીસ દ્વારા ડિટેઈન કરેલા વાહનો મૂકવામાં આવ્યા હતાં : ફાયર બ્રિગેડ આગને કાબૂમાં લીધી હતી

અમદાવાદ,

અમદાવાદ રીંગરોડ પર ઓઢવ બ્રિજ નીચે સોમવારે સવારે વાહનોમાં આગ લાગી હતી, જ્યાં ટ્રાફિક પોલીસ દ્વારા ડિટેઈન કરેલા વાહનો મૂકવામાં આવ્યા હતાં. ફાયર બ્રિગેડની બે ગાડીઓએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી. આગમાં કુલ ૩૩ ટુ વ્હીલર અને ૨ ગાડીઓ ખાક થઈ ગઈ હતી. જેમાં ૨૨ ડિટેઈન કરેલાં વાહનો હતાં અને ૧૧ ટુ વ્હીલર અન્ય લોકોનાં પાર્ક કરેલાં હતાં. ઓઢવ બ્રિજ નીચે પોલીસે કાર્યવાહી દરમિયાન ડિટેઈન કરેલા વાહનો પાર્ટ કરવામાં આવ્યા હતા. સવારે સાત વાગ્યાની આસપાસ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે, રિંગરોડ પર ઓઢવ પોલીસ સ્ટેશનની સામે બ્રિજની નીચે વાહનોમાં આગ લાગી છે. જેથી તાત્કાલિક ધોરણે ઓઢવ ફાયર સ્ટેશનની બે ગાડીઓ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ પહોંચી ત્યારે બ્રિજની નીચે પડેલાં ટુ-વ્હીલર અને ગાડીમાં આગ લાગી હતી. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં ઓઢવ પોલીસ પણ પહોંચી હતી. સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિની માહિતી નથી મળી. પરંતુ, ડિટેઈન કરેલાં ૨૨ વાહનો બળીને ખાક થઈ ગયા છે. આગ ઓલવાયા બાદ પોલીસ વિભાગ દ્વારા આગ કેવી રીતે લાગી તે વિશે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ઓઢવ નોંધનીય છે કે, હજુ સુધી આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ સામે નથી આવ્યું.

### ગંભીર રીતે દાઝતા અમદાવાદ રિફર

# પૂજા કરતી વખતે પૂર્વ કેન્દ્રીય મંત્રીની સાડીમાં આગ લાગી

ઉદરપુર

રાજસ્થાનના ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ગિરિજા વ્યાસ ઉદરપુરમાં પોતાના ઘરે આગમાં દાઝ્યા છે. ડૉ. ગિરિજા વ્યાસ પોતાના ઘરે પૂજા કરી રહ્યા હતા. આ દરમિયાન ગંભીર રીતે દાઝ્યા હતા. પોતાના ઘરે ગંગૌર પૂજા દરમિયાન સાડીને આગ લાગી જતાં શરૂઆતમાં તેમને ઉદયપુરની અમેરિકન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં તેમને અમદાવાદ રિફર કરવામાં આવ્યા છે. જણાવી દઈએ કે પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ગિરિજા વ્યાસ પોતાના ઘરે ગંગૌર પૂજા કરી રહ્યા હતા. આ દરમિયાન પૂજાના દીવાની જ્યોતથી તેમનો સાડીનો પલ્લુ સળગ્યો અને તેઓ દાઝી ગયા. જ્યારે તેના ઘરે કામ કરતા વ્યક્તિએ આગમાં લથપથ જોયા બાદ પ્રથમ તેમને ઉદયપુરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. મળતી માહિતી મુજબ તેમના પુત્ર ગોપાલ શર્મા પણ ત્યાં પહોંચી ગયા છે. હાલ તેમને અમદાવાદ લઈ જવામાં આવ્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. ગિરિજા વ્યાસના પુત્ર ગોપાલ શર્માએ જણાવ્યું કે તેઓ ફાર્મ હાઉસ પર હતા. તેમને ઘરમાં આગ લાગી હોવાની માહિતી મળી, જેમાં તેમની માતા ડૉ. ગિરિજા વ્યાસ દાઝી ગયા. તે તરત જ હોસ્પિટલ પહોંચ્યો અને તેની માતા સાથે અમદાવાદ આવવા રવાના થયા છે. પુત્ર ગોપાલ શર્માએ જણાવ્યું કે તેની માતા ડૉ. ગિરિજા વ્યાસ ઘરે પૂજા કરી રહી હતી. તે નિયમિતરૂપે પૂજા અર્ચના કરે છે પરંતુ હાલ નવરાત્રિ પર્વે ગંગૌરની વિશેષ પૂજા કરવામાં આવી રહી હતી. આવી સ્થિતિમાં દીવાની આગ થકી તે દાઝી ગયા છે.

# અમદાવાદમાં પાર્ક કરાયેલ વાહનોમાં આગ ભભૂકી ઉઠી

## ૨૨ જેટલા ટુ વ્હીલર અને ૨ કારમાં આગ લાગી હતી તેમજ અન્ય લોકોના પાર્ક કરેલા ૧૧ વાહનોમાં પણ આગ પ્રસરી ગઈ

અમદાવાદ,

અમદાવાદમાં ઓઢવ બ્રિજ નીચે ડિટેઈન કરાયેલા વાહનોમાં એકાએક આગ ભભૂકી ઉઠી હતી, આગ લાગતા ૩૪ જેટલા વાહનો બળીને ખાક થઈ ગયા હતા. ૨૨ જેટલા ટુ વ્હીલર અને ૨ કારમાં આગ લાગી હતી.

તેમજ અન્ય લોકોના પાર્ક કરેલા ૧૧ વાહનોમાં પણ આગ પ્રસરી ગઈ હતી. આગ લાગેલા વાહનો ની હવે ભરપાઈ કોણ કરશે તેની લોકોમાં ચર્ચાઓ થઈ રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વહેલી સવારે ૭ વાગ્યે ઓઢવ પોલીસ સ્ટેશન સામે બ્રિજની નીચે પાર્ક કરેલ વાહનમાં આગ લાગી હોવાની ફાયર બ્રિગ્રેડ ને જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે, આગ કાબૂમાં આવતાં વાહનોને વધુ નુકસાન થતાં અટકાવી શકાયું હોવાનું જાણવા મળેલ છે. સમગ્ર પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને આગ લાગવાનું કારણ શોધવા તજવીજ હાથ ધરાઈ છે. હજું સુધી આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. ટ્રાફિક DCPએ જણાવ્યું કે આ તમામ વાહનો બિનવારસી છે. I ડિવિઝન પોલીસે વાહનો જપ્ત કર્યા હતા. અંદાજે ૨ મહિના અગાઉ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કચરો એકઠો કરવા માટે બનાવેલ રેફ્યુજી સ્ટેશન નજીક આવેલી ઝૂંપડીઓમાં આગ ફાટી નીકળી હતી, ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી. જોકે, આ ભીષણ આગમાં ૨૫ જેટલા ઝૂંપડા બળીને રાખ થઈ ગયા હતા. સદનસીબે આગ સમયે ઝૂંપડામાં કોઈ હાજર ન હોવાથી કોઈ જાનહાની થઈ ન હતી. આ ઝૂંપડીઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન વાહનો માં કામ કરતા મજૂરોની હોવાનું જાણવા મળ્યું હતું. આ કામદારો રેફ્યુજી સ્ટેશન પાસે કામચલાઉ ઝૂંપડીઓમાં રહેતા હતા. આગના સમયે, તમામ કામદારો પોતપોતાના કાર્યસ્થળ પર હતા, જ્યારે તેમના બાળકો શાળામાં હતા.

આ કારણે આ ભીષણ આગને કારણે કોઈ જાનહાનિ થઈ નથી.આગની ઘટનાની માહિતી મળતા જ એલિસબ્રિજ વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય અમિત શાહ અને સ્થાનિક ભાજપ કાઉન્સિલર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવી અને પીડિત પરિવારોને શક્ય તમામ મદદની ખાતરી આપી હતી

### અંદાજ ૫ કિલોમીટર દૂરથી પણ જ્વાળાઓ દેખાઈ

# ગાંધીધામ હાઈવે પર પેટ્રોલ પંપ પર લાગી વિકરાળ આગ

## આગની જાણ થતાં જ નજીકના ગામડાઓમાંથી પાણીના ટેન્કરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા

ભચાઉ,

પેટ્રોલ પંપ તરફ પવનની દિશા હોવાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે.આગની જાણ થતાં જ નજીકના ગામડાઓમાંથી પાણીના ટેન્કરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ભચાઉના ગાંધીધામ કોરિડોર હાઈવે પર જવાહર નગર પાસે આજે બપોરે એક મોટી દુર્ઘટના બની છે. શંકર ટિમ્બર માર્ટ નામના લાકડાના ગોદામમાં ભીષણ આગ લાગી હતી. આગની ઘટના બપોરે ૨:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. ગાયત્રી પેટ્રોલ પંપ ગોદામથી માત્ર ૨૫-૩૦ મીટર દૂર હોવાથી પરિસ્થિતિ વધુ ભયાનક બની છે. પેટ્રોલ પંપ તરફ પવનની દિશા હોવાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે.આગની જાણ થતાં જ નજીકના ગામડાઓમાંથી પાણીના ટેક્રરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ભચાઉ અને ગાંધીધામ ફાયર વિભાગની ટીમો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આગ પર કાબુ મેળવવા માટે ફાયર ફાઈટર સખત મહેનત કરી રહ્યા છે. આગની તીવ્રતાનો અંદાજ ૫ કિલોમીટર દૂરથી પણ જ્વાળાઓ દેખાઈ રહી હોવાથી લગાવવામાં આવી રહી છે. જોકે, રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. આગનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# સરદાર વલ્લભભાઈ પટેલની ૬ વીઘા જમીન હડપી લીધી

અમદાવાદ,

ગુજરાતમાં ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જમીનને નકલી દસ્તાવેજ બનાવીને વેચવાનો કેસમાં કોર્ટે ત્રણ લોકોને બે વર્ષની જેલની સજા ફટકારી છે. રાજ્યમાં ચોંકાવનારો આ કેસ ખેડા જિલ્લામાંથી સામે આવ્યો છે. જો કે લાંબા ચાલેલા આ કેસમાં એક આરોપીનું મૃત્યુ થઈ ચુક્યુ છે. લોખંડી પુરુષ સરદાર પટેલની જમીન હડપવાના આઓ કેસમાં કોર્ટનો ચુકાદો આવ્યો બાદ સૌ કોઈ ચોંકી ગયા હતા. ખેડા જિલ્લાના મહેમદાબાદ તાલુકાની કોર્ટે આ ચુકાદો સંભળાવ્યો છે. ચુકાદા અનુસાર, મહેમદાબાદના ગડવા ગામમાં સર્વે નંબર ૨૭૦ પર એક જમીનનો ટુકડો ગુજરાત પ્રાંતીય સંઘ સાથે સરદાર વલ્લભભાઈ જાવરભાઈના નામ પર રજીસ્ટર્ડ હતો. જ્યારે સરકારે ૨૦૦૪ માં મહેસૂલ રેકોર્ડનું કમ્પ્યુટરાઈઝેશન કર્યું, ત્યારે જમીનની લાક્ષણિકતાઓ ભૂલથી બદલવામાં આવી. માલિકનું નામ વલ્લભભાઈ જવારભાઈ લખેલું હતું, પરંતુ ઍંજી નો ઉલ્લેખ દૂર કરવામાં આવ્યો હતો. આ ભૂલનો લાભ લઈને ખેડાના કઠલાલ તાલુકાના અરલ ગામના ભૂપેન્દ્ર ડાભીએ જમીનના દસ્તાવેજોમાં હીરાભાઈનું નામ વલ્લભભાઈ જવેરભાઈ લખીને જમીન તેમના નામે ટ્રાન્સફર કરાવી દીધી. ડાભીએ તેમના પિતા દેસાઈભાઈ અને પ્રતન ચૌહાણને સાક્ષી તરીકે ઉપયોગ કર્યા હતા.

### માનવ શરીરના ચાર ટુકડા મળી આવતા ચકચાર મચી

# ભરૂચમાં ૩ દિવસમાં માનવ શરીરના ચાર ટુકડા મળતા ચકચાર

## કપાયેલું માથુ, કમરનો ભાગ અને જમણો અને ડાબો હાથ મળ્યા વિવિધ ટીમો બનાવીને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો

ભરૂચ,

ભરૂચમાં ત્રણ દિવસમાં માનવ શરીરના ચાર ટુકડા મળી આવતા ચકચાર મચી છે. બીજીતરફ પોલીસ પણ માનવ શરીરના ભાગો મળતા ચકરાવે ચડી છે. આ ઘટનાએ સમગ્ર ભરૂચ પંથકમાં હાહાકાર મચાવ્યો છે. શનિવારે ગટર લાઈનમાં એક શખ્સનં કપાયેલું માથું મળી આવ્યું હતું. જે બાદ રવિવારે કાળી થેલીમાં કમરથી ઘૂંટણ સુધીનો ભાગ અને સાંજે જમણો હાથ મળી આવ્યો હતો. જે બાદ આજે સોમવારના રોજ ડાબો હાથ મળી આવ્યો છે. ત્યારે આ વ્યક્તિની ક્રૂર હત્યા કોણે કરી છે તેને લઈ પોલીસ પર ગોથે ચડી છે. વિવિધ ટીમો બનાવીને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ભરૂચની દૂધધારા ડેરી પાસેથી ભોલાવ GIDC તરફ જતી વરસાદી કાંસની ગટરમાં શનિવારે એક શખ્સનું ગળેથી કપાયેલું માથું શ્વાન ખેંચી લાવતાં ભારે ચકચાર મચી ગઈ હતી. મૃતકની ઓળખ મેળવવા પોલીસ હજુ પ્રયાસ કરી રહી હતી. ત્યાં જ રવિવારે તેનાથી ૩૦૦ મીટર દૂર તે જ વરસાદી કાંસની ગટરમાંથી કમરથી ઘૂંટણ સુધીનો ભાગ ભેરલી એક પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી. ૨૪ કલાકની અંદર જ માનવઅંગોના બે કટકા મળી આવતા પોલીસ પર ચોંકી ગઈ હતી. પોલીસે હજુ મૃતક વિશે વધુ તપાસ કરી રહી હતી ત્યાં રવિવારની સાંજના ભોલાવ GIDCની સામે આવેલા સેઝ ૨ની ગટરમાંથી મૃતકનો જમણો હાથ મળી આવ્યો હતો. જે બાદ આજે સોમવારની સવારે પણ ત્યાંથી જ કાળી થેલીમાં મૃતકના ડાબા હાથનો ભાગ મળી આવ્યો હતો. જેના કારણે પ્રાથમિક દૃષ્ટિએ માલૂમ પડે છે કે, કોઈએ આ વ્યક્તિની ક્રૂરતાપૂર્વક હત્યા કરી પોલીસને ગુમરાહ કરવા તેના શરીરનાં અંગો કાપી અલગ-અલગ સ્થળે નાખ્યા હોવાનું લાગી રહ્યું છે.પોલીસે આખી ગટરમાં શોધખોળ શરૂ કરી છે.ઉપરાંત મૃતક કોણ છે, ક્યાંનો છે? તેની ઘાતકી રીતે હત્યા કરી તેના અંગોના ટુકડાઓ કરીને અલગ-અલગ સ્થળે ફેંકનાર હત્યારો કોણ છે? આવા તમામ સવાલોના જવાબો મેળવવા માટે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.આ મામલે ભરૂચ શહેર DYSP સી.કે. પટેલે જણાવ્યું હતું કે, ભોલાવ GIDCમાં શનિવારે સાંજના ખુલ્લી ગટરમાં એક શખ્સના માથાનો ભાગ મળી આવ્યો હતો. આ વ્યક્તિનું મોત કઈ રીતે થયું છે તે માટે પેનલ ડોક્ટર પાસે પીએમ કરાવવામાં આવ્યું છે. મૃતકનો બીજાં અંગો શોધવા માટે અને મૃતક કોણ છે તે દિશામાં સી ડિવિઝન પીઆઈ વામન ભરવાડે તપાસ હાથ ધરી છે. પોલીસની અલગ અલગ ટીમો બનાવી તે વિસ્તારમાં લગાવેલા CCTVના ફૂટેજ ચકાસવા સાથે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસ હાથ ધરવામાં આવી છે. વધુમાં જિલ્લામાંથી ગુમ થયેલા વ્યક્તિઓની યાદી મંગાવી તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે.

# ગુજરાતના ૭ જિલ્લાની સુજલામ સુફલામ કેનાલમાં પાણી બંધ કરાશે

## ખેડૂતોને ભર ઉનાળે પાણી વગર હાલાકી ભોગવવી પડશે

ગાંધીનગર,

ગુજરાતમાં ખેડૂતો માટે માઠા સમાચાર સામે આવ્યા છે. એક તરફ વાતાવરણમાં પલટો આવ્યો છે, ત્યારે હવામાન વિભાગે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં માવઠાની આગાહી છે. તો બીજી તરફ ભર ઉનાળે રાજ્યના ૭ જિલ્લા માટે જીવાદોરી સમાન સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાનું બંધ કરાશે. કડાણા ડેમમાં પાણીનો જથ્થો ઘટતા કેનાલમાં પાણી છોડવાનું બંધ કરવાનો સિંચાઈ વિભાગ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. જેના કારણે ખેડૂતોની હાલત કફોડી બનશે તે નક્કી છે. સિંચાઈ વિભાગ સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવાનું બંધ કરશે તો અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, સાબરકાંઠા, મહેસાણા, મહીસાગર જિલ્લાના ખેડૂતોને ભર ઉનાળે પાણી વગર હાલાકી ભોગવવી પડશે. મોટાભાગના ખેડૂતો શિયાળા બાદ ખેતી કરવા માટે કેનાલના પાણી પર નિર્ભર હોવાથી સિંચાઈ વિભાગના આ નિર્યણ બાદ ખેડૂતોને પોતાના પાકની ચિંતા સતાવી રહી છે. મળતી માહિતી મુજબ કડાણા ડેમમાં પાણીનો જથ્થો ઘટી જતાં સુજલામ સુફલામ કેનાલમાં પાણી બંધ કરવામાં આવી રહ્યું છે. પંચમહાલ જિલ્લામાં પાણીના અભાવે ખેડૂતોએ આ વર્ષે પુરતી વાવણી કરવાનું ટાળ્યું છે. જિલ્લામાં ખેતીલાયક ૧.૬૫ લાખ હેક્ટર જમીનમાંથી ફક્ત ૧૩ હજાર હેક્ટર જમીન પર ઉનાળુ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. અને તેમાં પણ હવે જો સુજલામ સુફલામ કેનાલનું પાણી નહેરમાં છોડવાનું બંધ કરાશે તો ખેડૂતો માટે પડતા પર પાટુ જેવી સ્થિતિ સર્જાશે.

# ફિલ્મોમાં ડાન્સ કોરિયોગ્રાફીમાં નોકરી અપાવવાની લાલચે ઠગાઈ

અમદાવાદ,

અમદાવાદમાં ફિલ્મોમાં નોકરી અપાવવાની લાલચે છેતરપિંડી થયાની ઘટના સામે આવી છે. એક શખ્સે યુવક પાસેથી ડાન્સ કોરિયાગ્રાફીમાં નોકરી કરવી હોય તો રજીસ્ટ્રેશન કરાવું પડશે તેમ કહી રૂપિયા પડાવ્યા. આ યુવક પાસેથી કામ અપાવવાના બહાને ફલાઈટની ટિકિટના પૈસા લીધા હતા. પરંતુ કયાંય સુધી કોઈપણ જાતની આગળ કામગીરી ના થતાં યુવકને છેતરપિંડી થઈ હોવાનું લાગતા ફરિયાદ નોંધાવી. શહેરમાં એક યુવકને એક્ટર વિક્રમ ઠાકોરનાં નાના ભાઈનો રોલ આપીશું અને સાથેસાથે કાયમી આવક મળી રહે માટે ડાન્સ કોરિયાગ્રાફરની નોકરી પણ આપીશું તેમ કહી પૈસા પડાવ્યા. ફિલ્મોમાં આવા કામ માટે રજીસ્ટ્રેશન કરાવવું પડે છે તેમ કહી યુવક પાસેથી પૈસા લીધા. અને તમારે જલદી કામ મેળવવું હોય તો અમે તમને ફલાઈટ બુક કરાવી આપીશું તેમ ઠગબાજે કહ્યું. યુવક પાસેથી ફલાઈટની ટિકિટના પૈસા સહિત ૧૭૫૦૦ રૂપિયા ઠગબાજે મેળવ્યા. નોકરીની રાહ જોતો યુવક ફલાઈટની ટિકીટ આવવાની રાહ જોતો રહ્યો. ટિકિટ પણ ના આવી અને નોકરીનો ઓર્ડર પણ ના આવ્યો. જેના બાદ યુવકે શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં પ્રદિપ પંડ્યા નામનાં યુવક સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી.